| ૨. શ્રી ઇમદાદઅલી. જે. સૈયદ. | ૨. શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ. | |

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

| | |
|---|---|
| ૩. શ્રી ચંદ્રેશભાઇ. આર. જૈન. | ૩. શ્રીમતિ નયનાબેન. આર. પટેલ. |
| ૪. શ્રી ભરતસિંહ. એચ. ચૌહાણ. | ૪. શ્રી ઘનશ્યામભાઇ. સી. પટેલ. |
| ૫. શ્રી ગુલામદસ્તગીર. એન. વહોરા.. | ૫. શ્રી પ્રવિણભાઇ. એમ. વસાવા. |
| | ૬. શ્રી મનિષભાઇ. એન. ઠાકોર. |
| કુલ : ૦૫ (પાંચ) મત | ૭. શ્રીમતિ નિકીતાબેન. પી. તળપદા |
| | ૮. શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા. |
| | ૯. શ્રી રમેશભાઇ. આર. રાણા. |
| | ૧૦. શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહ. |
| | ૧૧. શ્રી જીજ્ઞેશભાઇ. એ. જોષી. |
| | ૧૨. શ્રીમતિ ગીતાબેન. એ. પટેલ |
| | ૧૩. શ્રી જયેશભાઇ. કે. પટેલ. |
| | ૧૪. શ્રીમતિ રમીલાબેન. આર. તળપદા. |
| | ૧૫. શ્રી મુજફ્ફરઅલી. એચ. સૈયદ. |
| | ૧૬. શ્રી ગોપાલભાઇ. એમ. ગાંધી. |
| | ૧૭. શ્રી મનિષભાઇ. આર. શાહ. |
| | ૧૮. શ્રી મનુભાઇ. આર. કાછીઆ. |
| | ૧૯ શ્રીમતિ નીદાબાનું વિ. મિરઝાં. |
| | ૨૦. શ્રી આસિફહુસેન. એ. ઠાકોર. |
| | ૨૧. શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજી. |
| | કુલ : ૨૧( એકવીસ ) મત |

ત્યારબાદ રજૂ થયેલ દરખાસ્ત ઉપર થયેલ મતદાન લેતાં નીચે જણાવ્યા મુજબ મતદાન થાય છે.

| દરખાસ્તની તરફેણમાં | દરખાસ્તની વિરુધ્ધમાં | તટસ્થ |
|---|---|---|
| ૧. શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ. | ૧. શ્રી નિરંજનભાઇ. પી. પટેલ. | નથી |
| ૨. શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ | ૨. શ્રી ઇમદાદઅલી જે. સૈયદ. | |
| ૩. શ્રીમતિ નયનાબેન. આર. પટેલ. | ૩. શ્રી ચંદ્રેશભાઇ. આર. જૈન. | |
| ૪. શ્રી ઘનશ્યામભાઇ. સી. પટેલ. | ૪. શ્રી ભરતસિંહ. એચ. ચૌહાણ. | |
| ૫. શ્રી પ્રવિણભાઇ. એમ. વસાવા. | ૫. શ્રી ગુલામદસ્તગીર. એન. વહોરા. | |
| ૬. શ્રી મનિષભાઇ. એન. ઠાકોર. | કુલ : ૦૫ (પાંચ) મત. | |
| ૭. શ્રીમતિ નિકીતાબેન. પી. તળપદા. | | |
| ૮. શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા. | | |
| ૯. શ્રી રમેશભાઇ. આર. રાણા. | | |
| ૧૦. શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહ. | | |
| ૧૧. શ્રી જીજ્ઞેશભાઇ. એ. જોષી. | | |
| ૧૨. શ્રીમતિ ગીતાબેન. એ. પટેલ | | |
| ૧૩. શ્રી જયેશભાઇ. કે. પટેલ. | | |
| ૧૪. શ્રીમતિ રમીલાબેન. આર. તળપદા. | | |
| ૧૫. શ્રી મુજફ્ફરઅલી. એચ. સૈયદ. | | |
| ૧૬. શ્રી ગોપાલભાઇ. એમ. ગાંધી. | | |
| ૧૭. શ્રી મનિષભાઇ. આર. શાહ. | | |
| ૧૮. શ્રી મનુભાઇ. આર. કાછીઆ. | | |
| ૧૯ શ્રીમતિ નીદાબાનું વિ. મિરઝાં. | | |
| ૨૦. શ્રી આસિફહુસેન. એ. ઠાકોર. | | |
| ૨૧. શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજી. | | |

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**નોધ:-**

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

કુલ :૨૧(એકવીસ) મત

આમ, રજૂ થયેલ દરખાસ્ત તથા સુધારા ઉપર થયેલ મતદાન જોતાં દરખાસ્તની તરફેણમાં વધારે મતો નોંધાયેલાં છે.

આથી, આવેલ દરખાસ્ત વધુ મતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

આ સ્ટેજે મ્યુનિ. સભ્ય શ્રી પ્રવિણભાઇ. એમ. વસાવા, શ્રી મનિષભાઇ. આર. શાહ તથા શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા સભાગૃહમાંથી બહાર જાય છે.

**નોધ:-**

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં.: ૧૨ :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદનાં સર્વે નં. ૭૧૬ પૈકી તથા સર્વે નં.૭૧૭ માં નવિન બનતી સોસાયટીમાં પીવાનાં પાણીની પાઇપ લાઇન નાંખવા અંગે આવેલ કામ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૨ / તા.૧૭/૭/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ નયનાબેન. આર. પટેલ, શ્રીમતિ રમીલાબેન. આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદનાં સર્વે નં. ૭૧૬ પૈકી તથા સર્વે નં.૭૧૭ માં નવિન બનતી સોસાયટીમાં પીવાનાં પાણીની પાઇપ લાઇન નાંખવા અંગે આવેલ કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં સર્વે નં.૭૧૬ પૈકી તથા સર્વે નં. ૭૧૭ માં હાલમાં નવા મકાનો બનેલ છે. તથા બીજાં મકાનો બને છે. આ વિસ્તારનાં રહીશો દ્વારા પીવાનાં પાણીની પાઇપ લાઇન નાંખવા અંગે તેઓની અરજી આવેલ છે. સદર માંગણીવાળી જગ્યાએ હાલમાં પાણીની કાર્યરત પાઇપ લાઇન નથી. પણ શેખડી ચોકડી સુધી ૧૬૦ મીમી વ્યાસની પીવીસી પાઇપ લાઇન આવેલ છે. તેથી અંદાજે ૩૦૦ મીટર જેટલાં અંતરની પાઇપ લાઇન નાંખવાની થાય. પરંતુ પાણી એ જીવન જરૂરિયાત માટે આવશ્યક હોઇ હાલ પૂરતું પેટલાદ નગરપાલિકા દ્વારા યુ.આઇ.ડી.એસ.એસ.એમ.ટી. યોજના અંતર્ગત તાજેતરમાં પાણી પૂરવઠાની નાંખેલ પાઇપ લાઇન આ વિસ્તાર પાસેથી પસાર થાય છે તેથી આ પાઇપને જો પંપ સાથે જોડવામાં આવે તો સદર પાઇપ લાઇન દ્વારા જણાવેલ વિસ્તારમાં પાણીનાં કનેકશન આપી શકાય તેમ છે. તેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ સર્વે નં.૭૧૬ પૈકી તથા ૭૧૭ માં બનાવેલ નવા મકાનોનાં રહીશોને નવિન પાણીની પાઇપ લાઇનમાંથી પીવાનાં પાણીનાં કનેકશન આપવા માટે આ વિસ્તારનાં રસ્તાઓ નગરપાલિકાને જરૂરી કાર્યવાહીથી જાહેર માર્ગ તરીકે સોંપ્યા બાદ તથા મુખ્ય પાઇપ લાઇન સુધી વ્યક્તિગત જોડાણ માટેની જરૂરિયાત મુજબની પાઇપ લાઇન આ વિસ્તારનાં રહીશો દ્વારા પોતાનાં સ્વખર્ચે નાંખ્યા બાદ પેટલાદ નગરપાલિકાનાં સુપરવિઝન અને માર્ગદર્શન હેઠળ તથા જરૂરી કરાર, શરતો અને નિયમોને આધિન પીવાનાં પાણીનાં કનેક્શનઆપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

આ સ્ટેજે મ્યુનિ. સભ્ય શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજી તથા શ્રી આસિફહુસેન. એ. ઠાકોર સભાગૃહમાંથી બહાર જાય છે.

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં.: ૧૩ :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ પેટલાદ નગરપાલિકાને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા નગરપાલિકાનાં બિલ્ડીગમાં સુધારા કરવા કે બિલ્ડીગ વધારવા અંગે રૂા.૨.૦૦ કરોડની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી પેટલાદનાં ટી.પી.સ્કીમ નં.૨ નાં ફા.પ્લોટ નં.૫/એ માં નગરપાલિકાનું નવિન બિલ્ડીગ બનાવવા તથા જરૂરી કન્સલ્ટન્ટ રોકવા અંગે આવેલ કામ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૩ / તા.૧૭/૭/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ રમીલાબેન. આર. તળપદા, શ્રી મનિષભાઇ. એન. ઠાકોરનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા નગરપાલિકાનાં બિલ્ડીગમાં સુધારા કરવા કે બિલ્ડીગ વધારવા અંગે રૂા. ૨.૦૦ કરોડની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી પેટલાદનાં ટી.પી.સ્કીમ નં. ૨ નાં ફા.પ્લો.નં.૫/એ માં નગરપાલિકાનું નવિન બિલ્ડીગ બનાવવા તથા જરૂરી કન્સલ્ટન્ટ રોકવા અંગે આવેલ કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીનાં નગરપાલિકા નિયામકશ્રી, ગાંધીનગરનાં પત્ર ક્રમાંકઃ નપાનિ / હિસાબ / નગર સેવા સદન / ૨૦૧૪. તા.૦૧/૦૨/૨૦૧૪ થી પાઠવેલ પત્રમાં જણાવ્યા અનુસાર જે નગરપાલિકાઓનાં હયાત બિલ્ડીગ હોય અને ૩૦ વર્ષ કરતાં જુના હોય તો તેવી નગરપાલિકાનાં બિલ્ડીગમાં મરામત અથવા વધારો કરવા નગરપાલિકાનાં વર્ગ અનુસાર રૂા.૨૫.૦૦ લાખની સહાય ફાળવવા નક્કી કરવામાં આવેલ છે. તેથી નગરપાલિકાનું હયાત બિલ્ડીગ ૩૦ વર્ષ કરતાં જુનું હોઇ તેમાં મરામત અથવા વધારો કરવાનો થાય. પરંતુ હાલનું બિલ્ડીગ મજબૂત છે. અને વધારો કરવા જરૂરી વધારાની જગ્યા નથી. તેથી તેનાં બદલે જો અન્ય જગ્યાએ નવિન બિલ્ડીગ બનાવવામાં આવે તો રૂા. ૨.૦૦ કરોડની સહાય મળે તેમ છે. અને અન્ય જગ્યાએ નવિન બિલ્ડીગ બનાવવામાં આવે તો સંસ્થાની એક વધારાની મિલકત પણ ઊભી થાય તેમ છે. તેથી પેટલાદ નગરપાલિકાનાં નવિન બિલ્ડીગ માટેની જરૂરી સરકારી જગ્યાનાં પ્લોટ જોતાં પેટલાદની ટી.પી. સ્કીમ નં. ૨ નાં ફા.પ્લો. નં.૫/એ - ઉપનગર કેન્દ્ર માટે નીમ થયેલ છે. જે બાવળી ઓક્ટ્રોય નાકા સામે આવેલ છે. અને તેનું ક્ષેત્રફળ ૨૨૭૨૦ ચો.મી. છે. જે નગરપાલિકાનાં બિલ્ડીગ બનાવવા માટેની જરૂરિયાત મુજબ છે. તેથી પેટલાદ નગરપાલિકાને રૂા. ૨.૦૦ કરોડની ફાળવવામાં આવનાર ગ્રાન્ટની રકમમાંથી પેટલાદની ટી.પી. સ્કીમ નં. ૨ નાં ફા.પ્લો. નં. ૫/એ માં પેટલાદ નગરપાલિકાનું નવિન બિલ્ડીગ બનાવવા ઠરાવવામાં આવે છે. સદર કામે જરૂરી પ્લાન, એસ્ટીમેટ વિગેરે કામો માટે જરૂરી કન્સલ્ટન્ટ નિયમાનુસારની પ્રક્રિયાથી રોકવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને તથા ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે. તથા આ અંગેની તમામ જવાબદારી રા.પ્રમુખશ્રીની તથા ચીફ ઓફિસરશ્રીની રહેશે તેમ ઠરાવવામાં આવે છે.

આ સ્ટેજે મ્યુનિ. સભ્ય શ્રી આસિફહુસેન. એ. ઠાકોર સભાગૃહમાં હાજર થાય છે.

આ સ્ટેજે મ્યુનિ. સભ્ય શ્રી ઇમદાદઅલી. જે સૈયદ, શ્રી ભરતસિંહ. એચ. ચૌહાણનાં ટેકાથી સુધારો રજૂ કરે છે કે;

આજની પેટલાદ નગરપાલીકાની સામાન્ય સભાની કાર્યસૂચીનાં કામ નં. ૧૩ માં કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા પેટલાદ નગરપાલીકાના બીલ્ડીગનો સુધારો કરવા રૂા.૨ કરોડની ફાળવેલી ગ્રાન્ટની રકમમાંથી પેટલાદનાં ટી.પી.સ્કીમનંબર - ૨ ના ફાઇનલ પ્લોટ નં. - ૫/એ માં નગરપાલીકાનું નવીન બીલ્ડીગ બનાવવાનું કામ મુકાયેલું છે. ખરેખર, નગરપાલીકાનુ. સંચાલન કરતું મકાન શહેરની મધ્યમાં હોવું જરૂરી છે. જેનાથી નવીન મકાનની જે જગ્યા બતાવવામાં આવેલી છે તે શહેરથી દૂર આવેલી છે. અને શહેરનાં જુદા-જુદા વિભાગમાંથી આવતાં નગરજનોને ઘણી જ અગવડ પડે તેમ છે.અને આર્થીક રીતે પણ ખૂબ જ માર પડે તેમ છે. સદર જુની જગ્યાએ નગરપાલીકાની બધીજ સુવિધા સચવાયેલી છે. અને નવીન બાંધકામ કરવાનું જણાતું નથી.

જો અગવડ પડતી હોય તો ઉપરનો મજલો LIC પાસેથી પરત મેળવી સુવિધા ઉભી કરી શકાય તેમ છે. તથા પેટલાદ મામલતદારનું જુનું મકાન ખાલી જ પડેલ છે. તેમાં પણ નગરપાલીકા કામચલાઉ સુવિધા ઉભી કરી શકે તેમ છે. આ પહેલાં પણ નગરપાલીકાને રીનોવેશન કરવા ગ્રાન્ટ ફાળવેલ હતી. છતાં પણ હાલનાં બેઠેલા સતાધીશોના તઘલખી વિચાર મગજમાં આવેલ છે. આ વિચારથી સુંદર રીતે કાર્ય કરતી નગરપાલીકા જેની આજુબાજુ સરકારી ઓફિસો, બેંક, પંચાયત, સીવીલ કોર્ટ વગેરે આવેલી છે. જે આ જગ્યા એ પીલર પર નવેસરથી પાર્કીગ સાથે બાંધવામાં આવે તો સારૂ રહે. જેનાથી લોકોને ઘણીજ સઘવડ (સવલત) પડે તેમ છે જે જગ્યા નક્કી કરેલ છે તે શહેરનાં પછાત એરીયાથી ઘણી દૂર હોવાથી એ ગરીબ અને પછાત વર્ગના અને એ વિભાગ ના મધ્યમ વર્ગના લોકોને ખૂબજ મુશ્કેલી પડે તેમ છે. જેથી નવીન મકાનનો જે વિચાર છે તે અમલમાં ન મુકતાં હાલમાં, જે નગરપાલીકાનું મકાન છે તે સુવિધા વધારીને બનાવી શકાય છે.

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

અને લોકોને હાડમારી ન પડે તે પણ કરી શકાય છે. જેથી સદર આવેલા ઠરાવનો અમો વખોડી કાઢી જુના મકાનમાંજ નગરપાલીકા રહે તેવો ઠરાવ કરીએ છીએ.

ઉપર જણાવ્યા અનુસાર રજૂ કરવામાં આવેલ દરખાસ્ત તથા સુધારા પરત્વે જરૂરી ચર્ચા-વિચારણા કરવામાં આવી. પર્યાપ્ત ચર્ચા-વિચારણાનાં અંતે રા.અધ્યક્ષશ્રીએ મતદાન લઇ નિર્ણય કરવા આદેશ કર્યો. રા.અધ્યક્ષશ્રીનાં આદેશાનુસાર મતદાન લેતાં નિયમ મુજબ સૌપ્રથમ આવેલ સુધારા ઉપર મતદાન લેવું પડે. જેથી રજૂ થયેલ સુધારા ઉપર મતદાન લેતાં નીચે જણાવ્યા મુજબ મતદાન થાય છે.

| સુધારાની તરફેણમાં | સુધારાની વિરુધ્ધમાં | તટસ્થ |
|---|---|---|
| ૧. શ્રી નિરંજનભાઇ. પી. પટેલ | ૧. શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ. | નથી |
| ૨. શ્રી ઇમદાદઅલી. જે. સૈયદ. | ૨. શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ. | |
| ૩. શ્રી ચંદ્રેશભાઇ. આર. જૈન. | ૩. શ્રીમતિ નયનાબેન. આર. પટેલ. | |
| ૪. શ્રી ભરતસિંહ. એચ. ચૌહાણ. | ૪. શ્રી ઘનશ્યામભાઇ. સી. પટેલ. | |
| ૫. શ્રી ગુલામદસ્તગીર. એન. વહોરા.. | ૫. શ્રી મનિષભાઇ. એન. ઠાકોર. | |
| | ૬. શ્રીમતિ નિકીતાબેન. પી. તળપદા. | |
| કુલ : ૦૫ (પાંચ) મત | ૭. શ્રી રમેશભાઇ. આર. રાણા. | |
| | ૮. શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહ. | |
| | ૯. શ્રી જીજ્ઞેશભાઇ. એ. જોષી. | |
| | ૧૦. શ્રીમતિ ગીતાબેન. એ. પટેલ | |
| | ૧૧. શ્રી જયેશભાઇ. કે. પટેલ. | |
| | ૧૨. શ્રીમતિ રમીલાબેન. આર. તળપદા. | |
| | ૧૩. શ્રી મુજફ્ફરઅલી. એચ. સૈયદ. | |
| | ૧૪. શ્રી ગોપાલભાઇ. એમ. ગાંધી. | |
| | ૧૫. શ્રી મનુભાઇ. આર. કાછીઆ. | |
| | ૧૬. શ્રીમતિ નીદાબાનું વિ. મિરઝાં. | |
| | ૧૭. શ્રી આસિફહુસેન. એ. ઠાકોર. | |
| | કુલ : ૧૭ (સત્તર) મત | |

ત્યારબાદ રજૂ થયેલ દરખાસ્ત ઉપર મતદાન લેતાં નીચે જણાવ્યા મુજબ મતદાન થાય છે.

| દરખાસ્તની તરફેણમાં | દરખાસ્તની વિરુધ્ધમાં | તટસ્થ |
|---|---|---|
| ૧. શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ. | ૧. શ્રી નિરંજનભાઇ. પી. પટેલ. | નથી |
| ૨. શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ | ૨. શ્રી ઇમદાદઅલી જે. સૈયદ. | |
| ૩. શ્રીમતિ નયનાબેન. આર. પટેલ. | ૩. શ્રી ચંદ્રેશભાઇ. આર. જૈન. | |
| ૪. શ્રી ઘનશ્યામભાઇ. સી. પટેલ. | ૪. શ્રી ભરતસિંહ. એચ. ચૌહાણ. | |
| ૫. શ્રી મનિષભાઇ. એન. ઠાકોર.. | ૫. શ્રી ગુલામદસ્તગીર. એન. વહોરા. | |
| ૬. શ્રીમતિ નિકીતાબેન. પી. તળપદા. | કુલ : ૦૫ (પાંચ) મત. | |
| ૭. શ્રી રમેશભાઇ. આર. રાણા. | | |
| ૮. શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહ. | | |
| ૯. શ્રી જીજ્ઞેશભાઇ. એ. જોષી. | | |
| ૧૦. શ્રીમતિ ગીતાબેન. એ. પટેલ | | |
| ૧૧. શ્રી જયેશભાઇ. કે. પટેલ. | | |
| ૧૨. શ્રીમતિ રમીલાબેન. આર. તળપદા. | | |
| ૧૩. શ્રી મુજફ્ફરઅલી. એચ. સૈયદ. | | |
| ૧૪. શ્રી ગોપાલભાઇ. એમ. ગાંધી. | | |
| ૧૫. શ્રી મનુભાઇ. આર. કાછીઆ. | | |
| ૧૬. શ્રીમતિ નીદાબાનું વિ. મિરઝાં. | | |
| ૧૭. શ્રી આસિફહુસેન. એ. ઠાકોર. | | |
| કુલ : ૧૭ (સત્તર) મત | | |

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

આમ, રજૂ થયેલ દરખાસ્ત તથા સુધારા ઉપર થયેલ મતદાન જોતાં દરખાસ્તની તરફેણમાં વધારે મતો નોંધાયેલાં છે.

આથી, આવેલ દરખાસ્ત વધુ મતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

આ સ્ટેજે મ્યુનિ. સભ્ય શ્રી મનિષભાઇ. આર. શાહ, શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા તથા શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજી સભાગૃહમાં હાજર થાય છે.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં.: ૧૪ :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાની રાઇઝીગ મેઇન પાઇપ લાઇનમાં હવાની અવરજવર માટે નાંખવામાં આવેલ પાઇપમાં સ્વચ્છ ગુજરાત અંતર્ગતની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી વાલ્વ મૂકવા અંગે આવેલ કામ તથા તેનાં અંદાજીત ખર્ચ રૂા.૬૫,૦૦૦/- જોઇ તપાસી મંજુર કરવા અંગે આવેલ કામ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૪ / તા.૧૭/૭/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા, શ્રીમતિ રમીલાબેન. આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાની રાઇઝીગ મેઇન પાઇપ લાઇનમાં હવાની અવરજવર માટે નાંખવામાં આવેલ પાઇપમાં સ્વચ્છ ગુજરાત અંતર્ગતની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી વાલ્વ મૂકવા અંગે આવેલ કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ ન.પા.ની ભૂગર્ભ ગટર યોજનાના દેવકુવા મુખ્ય પંપીગ સ્ટેશનથી રાઇઝીગ મેઇન પાઇપ લાઇન દ્વારા ડ્રેનેજનું પાણી ઓક્સિડેશન પોન્ડમાં ઠલવાય છે.તેમાં વૈજ્ઞાનિક ધોરણે આ રાઇઝીગ મેઇન પાઇપ લાઇનમાં હવાની અવરજવર માટે પાઇપ મૂકવામાં આવેલ છે. પરંતુ પંપીગ સ્ટેશનનાં પંપ ચાલુ કરવામાં આવે ત્યારે આ પાઇપમાં એર લોક થઇ ડ્રેનેજનું પાણી બહાર આવે છે. અને તેનાંથી આજુબાજુનાં વિસ્તારોમાં ગંદકી થાય છે. આ સંજોગોમાં સદર પાઇપમાં જો એર વાલ્વ મૂકવામાં આવે તો પ્રશ્નનું નિરાકરણ થાય તેમ છે. આ વાલ્વની અંદાજીત કિંમત રૂા.૬૫,૦૦૦/- આવેલ છે. તેથી સંસ્થાનું આર્થિક હિત જોતાં ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર દ્વારા સ્વચ્છ ગુજરાતની રૂા.૨૦.૦૦ લાખની પેટલાદ નગરપાલિકાને ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી આ કામગીરી કરાવી શકાય તેમ હોઇ આ ગ્રાન્ટની રકમમાંથી કામગીરી કરાવવા ઉચિત જણાય છે. તેથી સ્વચ્છ ગુજરાત અંતર્ગતની રૂા. ૨૦.૦૦ લાખની પેટલાદ ન.પા.ને ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી ભુગર્ભ ગટર યોજનાની રાઇઝીગ મેઇન પાઇપ લાઇનમાં હવાની અવરજવર માટે મૂકવામાં આવેલ પાઇપમાં નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી એર વાલ્વ મૂકવા ઠરાવવામાં આવે છે. સદર કામે આવેલ રૂા. ૬૫,૦૦૦/- નો અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને તથા ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે. તથા આ અંગેની તમામ જવાબદારી રા.પ્રમુખશ્રીની તથા ચીફ ઓફિસરશ્રીની રહેશે તેમ ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં.: ૧૫ :** કારોબારી સમિતિની ભલામણ સહ સુવર્ણ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ પેટલાદ નગરપાલિકાનાં UDP - 78 અંતર્ગત મંજુર થયેલ કામો ગ્રાન્ટની મર્યાદામાં હાથ ધરવા અંગે આવેલ કામ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૫ / તા.૧૭/૭/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ નયનાબેન. આર. પટેલ, શ્રી ગોવિંદભાઇ. આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ સુવર્ણ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ UDP - 78 અંતર્ગત પેટલાદ નગરપાલિકાનાં મંજુર થયેલ કામો પૈકી ગ્રાન્ટની મર્યાદામાં કામો હાથ ધરવા અંગે આવેલ કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સુવર્ણ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ UDP-78 અંતર્ગત સામાન્ય સદર હેઠળ રૂા. ૧.૭૭ કરોડ તથા એસસીપી સદર હેઠળ રૂા. ૦.૧૫ કરોડની ગ્રાન્ટની રકમો પેટલાદ નગરપાલિકાને ફાળવેલ છે. જે સંદર્ભે શહેરમાં જુદા જુદા વિકાસનાં કામો હાથ ધરવા કામચલાઉ દરખાસ્ત કરવા ઉચ્ચક અંદાજીત રકમોથી કુલ રૂા. ૨.૨૫ કરોડનાં કામો કારોબારી સમિતિ તથા સમગ્ર સભાએ મંજુર કરેલ હતાં. પરંતુ જિલ્લા શહેરી વિકાસ એજન્સી, આણંદ ખાતે એસ.ઓ.આર. મુજબનાં અંદાજીત ખર્ચની રકમો સહિત તાંત્રિક મંજુરી મેળવવામાં આવતાં નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી વધુ ખર્ચ ન કરવો પડે તથા ગ્રાન્ટની મર્યાદામાં રહી નીચે જણાવેલ કામો તેની અંદાજીત રકમ સહ મંજુર કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | કામની વિગત | અંદાજીત રકમ |
|---|---|---|
| ૧. | ચાવડી બજારથી ગાંધીચોક હનુમાન ફળિયા થઇ લીંબાકુઇથી છીપવાડ થઇ ચાવડી બજાર ફરતે ડામર રોડ બનાવવાનું કામ. | રૂા. ૨૧,૮૦,૪૦૦=૦૦. |
| ૨. | કાળકાગેટ પોલિસ ચોકીથી નારિયાપાડા થઇ ઝંડાબજાર ચાર રસ્તાથી પટેલ સોડા થઇ વાળંદની ખડકીથી દાણાબજારને જોડતો ફરતે ડો.પ્રકાશભાઇ મોદીનાં દવાખાના સુધીનો ડામર રોડ બનાવવાનું કામ. | રૂા. ૨૦,૨૪,૬૦૦=૦૦. |
| ૩. | રણછોડજી મંદિર પાસે ૧૦.૦૦લાખ લીટરની વારિગૃહમાં નવિન પાણીની ટાંકી બનાવવાનુ. કામ. | રૂા. ૮૯,૮૩,૧૭૦=૦૦. |
| ૪. | દેવકુવા તીનબત્તી મલાવ વાઘરીવાસથી સરદારનગર સોસાયટી સુધીનો ફરતે ડામર રોડ બનાવવાનું કામ. | રૂા. ૪૨,૪૯,૯૦૦=૦૦. |
| | કુલ :- | રૂા. ૧,૭૪,૩૮,૦૭૦=૦૦. |
| ૫. | બસ સ્ટેન્ડ પાસેથી નૂરતલાવડી તરફ એસ.ટી. વર્કશોપ પાછળ ટી.પી રોડથી એસ.ડી પઠાણ હાઇસ્કૂલ થઇ કાળકાગેટને જોડતો ફરતે ડામર રોડ. ( SCP ગ્રાન્ટ) | રૂા. ૨૧,૯૩,૬૦૦=૦૦. |
| | કુલ એકંદરે :- | રૂા. ૧,૯૬,૩૧,૬૭૦=૦૦. |

આમ, સદર ગ્રાન્ટની રકમમાંથી અગાઉ મંજુર કરેલ કામો પૈકી ઉપરોક્ત જણાવેલ કામો ગ્રાન્ટની રકમની મર્યાદામાં થતાં હોઇ સદર કામો નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી કરાવવા ઠરાવવામાં આવે છે. તથા ઉપરોક્ત કામ સામે દર્શાવેલ અંદાજીત ખર્ચની રકમો મળી કુલ એકંદરે રૂા. ૧,૯૬,૩૧,૬૭૦=૦૦ નાં અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. તથા સદર કામે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રી તથા ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે. તથા સદર બાબતની તમામ જવાબદારી રા.પ્રમુખશ્રીની અને ચીફ ઓફિસરશ્રીની રહેશે તેમ ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં.: ૧૬ :** કારોબારી સમિતિની ભલામણ સહ સુવર્ણ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ પેટલાદ નગરપાલિકાનાં UDP - 56 અંતર્ગત મંજુર થયેલ કામો ગ્રાન્ટની મર્યાદામાં હાથ ધરવા અંગે આવેલ કામ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૬ / તા.૧૭/૭/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા, શ્રી આસિફહુસેન. એ. ઠાકોરનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ સુવર્ણ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ UDP - 56 અંતર્ગત પેટલાદ નગરપાલિકાનાં મંજુર થયેલ કામો પૈકી ગ્રાન્ટની મર્યાદામાં કામો હાથ ધરવા અંગે આવેલ કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સુવર્ણ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ UDP - 56 અંતર્ગત સામાન્ય સદર હેઠળ રૂા. ૧.૨૧ કરોડ તથા ટીએએસપી સદર હેઠળ રૂા. ૦.૦૪ કરોડની ગ્રાન્ટની રકમો પેટલાદ નગરપાલિકાને ફાળવેલ છે. જે સંદર્ભે શહેરમાં જુદા જુદા વિકાસનાં કામો હાથ ધરવા કામચલાઉ દરખાસ્ત કરતાં ઉચ્ચક અંદાજીત રકમોથી કુલ રૂા. ૧.૪૪ કરોડનાં કામો કારોબારી સમિતિએ મંજુર કરેલ હતાં. પરંતુ જિલ્લા શહેરી વિકાસ એજન્સી, આણંદ ખાતે એસ.ઓ.આર. મુજબનાં અંદાજીત ખર્ચની રકમો સહિત તાંત્રિક મંજુરી મેળવવામાં આવતાં નીચે જણાવ્યા મુજબ મંજુર થયેલ છે.

| અ.નં. | કામની વિગત | અંદાજીત રકમ |
|---|---|---|
| ૧. | મહિકેનાલ કોલોનીની બાજુમાંથી પસાર થતો ટી.પી. રોડ તથા અન્ય ટી.પી. રોડ ડામર રોડ બનાવવાનુ. કામ. | રૂા. ૭,૧૨,૯૦૦=૦૦. |
| ૨. | પી.ડબલ્યુ.ડી. રેસ્ટ હાઉસ સામેનો ટી.પી. રોડ અંકિતા ટેનામેન્ટ સુધીનો નવિન રસ્તો ડામર રોડ બનાવવાનું કામ. | રૂા. ૬,૮૦,૦૦૦=૦૦. |
| ૩. | સાંઇનાથથી મલાવને જોડતી સ્ટ્રોમ વોટર ડ્રેઇન બનાવવાનું કામ. | રૂા. ૧૫,૨૪,૫૦૦=૦૦. |
| ૪. | રણછોડરાય સોસાયટીથી બાકી રહેલ સ્ટ્રોમ વોટર ડ્રેઇન બનાવવાનું કામ. | રૂા. ૧૬,૧૮,૨૦૦=૦૦. |
| ૫. | હાશ બંગલાથી બુલાખી મીલ ચાલી થઇ પેટ્રોલ પંપ થઇ શાસ્ત્રી ગંજની બાજુમાંથી પસાર થતો કાળકાગેટને જોડતો રસ્તો ડામર રોડ બનાવવાનું કામ. | રૂા. ૨૦,૯૭,૦૦૦=૦૦. |
| ૬. | ખારાકુવાથી ખંભાતી ભાગોળ થઇ રોહિતવાસથી શેખડી તરફનો રસ્તો ડામર રોડ બનાવવાનું કામ. | રૂા. ૨૦,૨૯,૦૦૦=૦૦. |
| ૭. | અંબામાતા ચોકથી લાડવાડા થઇ ગારીયાપીર ચોકડીથી દેવકુવા તીનબત્તી સુધીનો ડામર રોડ બનાવવાનું કામ. (શેલતની લીમડીથી વાઘરીવાસ સુધીનો રોડ તથા સૈયદવાડા ચાર રસ્તાથી શેલતની લીમડી સુધીનાં રસ્તા સહિત) | રૂા. ૨૧,૩૮,૦૦૦=૦૦. |
| ૮. | સ્ટેડિયમમાં આવેલ કાંસમાં સ્ટ્રોમ વોટર ડ્રેઇન બનાવવાનું કામ. | રૂા. ૪૫,૧૪,૭૦૦=૦૦. |
| | કુલ :- | રૂા.૧,૫૩,૧૪,૩૦૦=૦૦. |

આમ, ઉપર જણાવેલ કામો જિલ્લા શહેરી વિકાસ એજન્સી દ્વારા મંજુર કરવામાં આવેલ છે. મંજુર થયેલ કામોનાં કુલ અંદાજીત ખર્ચ રૂા.૧,૫૩,૧૪,૩૦૦/- માંથી ફાળવેલ ગ્રાન્ટની રકમ રૂા.૧,૨૧,૦૦,૦૦૦/-બાદ કરતાં નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી રૂા.૩૨,૧૪,૩૦૦/- જેટલી માતબર રકમ ખર્ચ કરવાની થાય છે. તેથી સંસ્થાનું આર્થિક હિત જોતાં ઉપરોક્ત મંજુર થયેલ કામો પૈકી અનુક્રમ નં.૮ નું સ્ટેડિયમમાં આવેલ કાંસમાં સ્ટ્રોમ વોટર ડ્રેઇન બનાવવાનું રૂા. ૪૫,૧૪,૭૦૦/- નું કામ હાલ પૂરતું મુલત્વી રાખવા અને તે સિવાયનાં અનુક્રમ નં. ૧ થી ૭ નાં કામો નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી કરવા ઠરાવવામાં આવે છે. ઉપરોક્ત જણાવેલ કામ સામે દર્શાવેલ અંદાજીત ખર્ચની રકમો મળી કુલ રૂા.૧,૦૭,૯૯,૬૦૦/- નાં અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને અને ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે. તથા આ અંગેની તમામ જવાબદારી રા.પ્રમુખશ્રીની અને ચીફ ઓફિસરશ્રીની રહેશે તેમ ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં.: ૧૭ :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા દ્વારા રોટરી કલબનાં સહયોગથી બનાવવામાં આવેલ સીનીયર સીટીઝન પાર્કનું વહીવટી સંચાલન શ્રી સાંઇનાથ ભક્ત મંડળને સોંપવા અંગે આવેલ કામ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૭ / તા.૧૭/૭/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રી મનિષભાઇ. આર. શાહ, શ્રી આસિફહુસેન. એ. ઠાકોરનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા દ્વારા રોટરી કલબનાં સહયોગથી બનાવવામાં આવેલ સીનીયર સીટીઝન પાર્કનું વહીવટી સંચાલન શ્રી સાંઇનાથ ભક્ત મંડળને સોંપવા અંગે આવેલ કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા દ્વારા રોટરી કલબ ઓફ પેટલાદનાં સહયોગથી ટી.પી.સ્કીમ નં. ૨ નાં ફા.પ્લો. નં. ૯૫/એ/૩/૧ માં " રોટરી સીનીયર સીટીઝન પાર્ક " વહીવટદારશ્રીનાં ઠરાવ નં.૯૦/તા.૨૫/૨/૦૫ થી થયેલ ઠરાવ આધારે બનાવવામાં આવેલ છે. જેનું વહીવટી સંચાલન કરવા શ્રી સાંઇનાથ ભક્ત મંડળ, પેટલાદ દ્વારા કરવા પત્ર પાઠવી જણાવેલ છે. જેની કારોબારી સમિતિનાં ઠરાવ નં. ૨૩ / તા.૩૦/૫/૧૪ થી ઠરાવ કરી ભલામણ કરેલ છે. પરંતુ સદર પાર્ક રોટરી કલબ ઓફ પેટલાદ દ્વારા બનાવેલ હોઇ આ પાર્કનું વહીવટી સંચાલન કરવા તા.૧૫/૭/૧૪ થી પત્ર પાઠવી જણાવેલ છે. તેથી સદર બાબતે જરૂરી ચર્ચા વિચારણા કરવાની થતી હોઇ સદર કામ હાલ પૂરતું મુલત્વી રાખવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં.: ૧૮ :** કારોબારી સમિતિની ભલામણ સહ ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા પેટલાદ નગરપાલિકાને ૧૩ મા નાણાં પંચ અંતર્ગતની રૂા.૪૬,૪૬,૮૬૨/- ની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી હાલ પૂરતું સ્ટ્રીટ લાઇટ વિભાગ માટે ફીકસ્ચર્સ નં ૨૫૦ તથા ટાઇમર સ્વીચ નં ૭ અને વારિગૃહ વિભાગ માટે મોટર પ્રોટેક્શન ડિવાઇસ નં ૩ ખરીદ કરવા અંગે આવેલ કામ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૮ / તા.૧૭/૭/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રી મનિષભાઇ. આર. શાહ, શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા, નાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા પેટલાદ નગરપાલિકાને ૧૩ મા નાણાં પંચ અંતર્ગતની રૂા.૪૬,૪૬,૮૬૨/- ની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી હાલ પૂરતું સ્ટ્રીટ લાઇટ વિભાગ માટે ફીકસ્ચર્સ નં ૨૫૦ તથા ટાઇમર સ્વીચ નં ૭ અને વારિગૃહ વિભાગ માટે મોટર પ્રોટેક્શન ડિવાઇસ નં ૩ ખરીદ કરવા અંગે આવેલ કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીનાં ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર દ્વારા તેઓની કચેરીનાં દફતરી હુકમ ક્રમાંકઃ મફબ / ગ્રુ - ૨ / ૧૩ મુ નાણાં પંચ / બીજો હપ્તો / ૨૦૧૩-૧૪ / ૨૦૧૪ / ૬૮૬૧. તા.૨૫/૦૨/૨૦૧૪ થી પેટલાદ નગરપાલિકાને ૧૩ મા નાણાંપંચ અંતર્ગતની રૂા. ૪૬,૪૬,૮૬૨/- ની ગ્રાન્ટની રકમ ફાળવવામાં આવેલ છે. આ ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી સ્ટ્રીટ લાઇટ વિભાગ માટે ફીકસ્ચર્સ અને ટાઇમર સ્વીચ તથા વારિગૃહ વિભાગ માટે મોટર પ્રોટેક્શન ડિવાઇસ ખરીદ કરવા અને તે સિવાયની બચત રકમનાં વિકાસનાં કામો હાથ ધરવા કારોબારી સમિતિનાં ઠરાવ નં.૧૦/ તા.૩૦/૫/૧૪ થી ઠરાવેલ હતું. જે પૈકી સદર ગ્રાન્ટની રકમમાંથી હાલ પૂરતું પેટલાદ નગરપાલિકાનાં સ્ટ્રીટ લાઇટ વિભાગ માટે ફીકસ્ચર્સ નં ૨૫૦ અને ટાઇમર સ્વીચ નં. ૭ તથા વારિગૃહ વિભાગ માટે મોટર પ્રોટેક્શન ડિવાઇસ નં. ૩ ખરીદ કરવા ઠરાવવામાં આવે છે. તે અંગેનાં આવેલ અનુક્રમે અંદાજીત ખર્ચ રૂા.૩,૦૦,૦૦૦/- અને રૂા.૧,૬૦,૦૦૦/- તથા રૂા. ૧,૪૧,૭૫૦/- મળી કુલ રૂા. ૬,૦૧,૭૫૦/- નાં અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. અને આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને તથા ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે. સદર બાબતની તમામ જવાબદારી રા.પ્રમુખશ્રીની તથા ચીફ ઓફિસરશ્રીને રહેશે તેમ ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

આ સ્ટેજે મ્યુનિ. સભ્ય શ્રી પ્રવિણભાઇ. એમ. વસાવા સભાગૃહમાં હાજર થાય છે.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં.: ૧૯ :** શાળા સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે.હાઇસ્કૂલમાં સી.સી.ટી.વી. કેમોરા લાગાવવા અંગે આવેલ કામ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૯ / તા.૧૭/૭/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રી આસિફહુસેન. એ. ઠાકોર, શ્રી મનિષભાઇ. આર. શાહનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

શાળા સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે. હાઇસ્કૂલમાં સી.સી.ટી.વી. કેમેરા શાળામાં લગાવવા અંગે આવેલ કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા સંચાલિત એન. કે. હાઇસ્કૂલમાં સરકારશ્રીનાં વર્તમાન નિયમાનુસાર સી.સી.ટી.વી. કેમેરા એસ.એસ.સી. / એચ.એસ.સી. ની પરિક્ષા વખતે કામચલાઉ કેમેરા લગાવવામાં આવે છે. જો તે કાયમી ધોરણે લગાવવામાં આવે તો શિક્ષણકાર્ય ઉપર પણ નજર રાખી શકાય તથા વિદ્યાર્થીઓની સલામતી પણ જળવાઇ રહે. તેથી પેટલાદ નગરપાલિકા સંચાલિત એન. કે. હાઇસ્કૂલમાં નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી સી.સી.ટી.વી. કેમેરા લગાવવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર તમામ ખર્ચ શાળાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે આગળની તમામ જરૂરી કાર્યવાહી હાથ ધરવા શાળાનાં આચાર્યશ્રી તથા નગરપાલિકાનાં ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે. તથા સદર કામે આવેલ રૂા. ૩,૩૭,૯૦૦/- નો અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં.: ૨૦ :** શાળા સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે.હાઇસ્કૂલમાં શાળાનાં બિલ્ડીગ નં. ૨ અને ૩ ની વચ્ચે પાથ બનાવવા અંગે આવેલ કામ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૨૦ / તા.૧૭/૭/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રી મનિષભાઇ. આર. શાહ, શ્રી આસિફહુસેન. એ. ઠાકોરનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

શાળા સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન. કે. હાઇસ્કૂલમાં શાળાનાં બિલ્ડીગ નં. ૨ અને ૩ ની વચ્ચે પાથ બનાવવા અંગે આવેલ કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ ન.પા. સંચાલિત એન. કે. હાઇસ્કૂલનાં મેદાનમાં ચોમાસાની ઋતુમાં પાણી ભરાય છે. અને તેનાંથી વિધાર્થીઓ - શિક્ષકોને વર્ગમાં - ઓફિસમાં જવાની તકલીફ પડે છે. અને લપસી જવાથી કયારેક નાના અકસ્માત બને છે. તેથી બે બિલ્ડીગ વચ્ચે જો પથ્થર બેસાડી પાથ બનાવવામાં આવે તો પ્રશ્નનું નિરાકરણ કરી શકાય તેમ છે. તેથી પેટલાદ નગરપાલિકા સંચાલિત એન. કે. હાઇસ્કૂલમાં મુખ્ય દરવાજાનો ભાગ બાદ કરી શાળાનાં બિલ્ડીગ નં. - ૨ અને ૩ ની વચ્ચે નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી પથ્થર બેસાડી પાથ બનાવવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર તમામ ખર્ચ શાળાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા શાળાનાં આચાર્યશ્રી તથા નગરપાલિકાનાં ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આ સ્ટેજે મ્યુનિ. સભ્ય શ્રી નિરંજનભાઇ પી. પટેલ એ રજૂઆત કરતાં જણાવ્યું કે, સદર કામનો અંદાજીત ખર્ચ કેટલો થાય તેમ છે તથા શું શું કામગીરી કરવાની છે તેની કોઇ વિગત કામ સાથે મૂકવામાં આવેલ નથી તેથી સદર કામ મુલત્વી રાખી તમામ માહિતી સાથે નવેસરથી મૂકવા જણાવ્યું.

જેનાં પ્રત્યુત્તરમાં રા.પ્રમુખશ્રી / ઉપપ્રમુખશ્રી તથા ચેરપર્સનશ્રીએ જણાવ્યું કે, સદર કામને હાલમાં ફક્ત સૈધ્ધાંતિક મંજુરી માટે કામ રજૂ કરેલ છે.

પરંતુ નગરપાલિકામાં આવી કોઇ સૈધ્ધાંતિક મંજુરી આપવાની પ્રથા નથી. તેથી સદર કામ નવેસરથી રજૂ કરવું જોઇએ તેમ જણાવી આ અંગેનો મૌખિક વિરોધ મ્યુનિ. સભ્ય શ્રી નિરંજનભાઇ. પી. પટેલ, શ્રી ઇમદાદઅલી. જે. સૈયદ, શ્રી ચંદ્રેશભાઇ. આર. જૈન, શ્રી ભરતસિંહ. એચ. ચૌહાણ તથા શ્રી ગુલામદસ્તગીર. એન. વહોરાએ નોંધાવ્યો જેની નોંધ લેવામાં આવી.

આમ, આવેલ દરખાસ્ત મૌખિક વિરોધ સાથે સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં.: ૨૧ :** શાળા સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે.હાઇસ્કૂલમાં પૂર્વ દિશામાં આવેલ ટોઇલેટ બ્લોકની પાછળની દિવાલ તુટી જવાથી તેનું રીપેરીગ કરાવવા અંગે આવેલ કામ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૨૧ / તા.૧૭/૭/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રી મનિષભાઇ. આર. શાહ, શ્રી જીજ્ઞેશકુમાર. એ. જોષીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

શાળા સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન. કે. હાઇસ્કૂલમાં પૂર્વ દિશામાં આવેલ ટોઇલેટ બ્લોકની પાછળની દિવાલ તુટી જવાથી તેનું રીપેરીગ કરાવવા અંગે આવેલ કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગપરાલિકા સંચાલિત એન. કે. હોઇસ્કૂલમાં પૂર્વ દિશામાં શાળાનું ટોઇલેટ બ્લોક આવેલું છે. તેની પાછળની દિવાલ તુટી ગઇ છે તેથી સલામતિનાં ભાગરૂપે તેનું રીપેરીગ કરાવવું આવશ્યક છે. તેથી પેટલાદ નગરપાલિકા સંચાલિત એન. કે. હાઇસ્કૂલમાં પૂર્વ દિશામાં ટોઇલેટ બ્લોકની પાછળની દિવાલ નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી રીપેરીગ કરાવવા ઠરાવવામાં આવે છે.સદર કામે થનાર તમામ ખર્ચ શાળાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. તથા આ કામે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા શાળાનાં આચાર્યશ્રી તથા નગરપાલિકાનાં ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આ સ્ટેજે મ્યુનિ. સભ્ય શ્રી નિરંજનભાઇ પી. પટેલ એ રજૂઆત કરતાં જણાવ્યું કે, સદર કામનો અંદાજીત ખર્ચ કેટલો થાય તેમ છે ? તથા શું શું કામગીરી કરવાની છે તેની કોઇ વિગત કામ સાથે મૂકવામાં આવેલ નથી તેથી સદર કામ મુલત્વી રાખી તમામ માહિતી સાથે નવેસરથી મૂકવા જણાવ્યું.

જેનાં પ્રત્યુત્તરમાં રા.પ્રમુખશ્રી / ઉપપ્રમુખશ્રી તથા ચેરપર્સનશ્રીએ જણાવ્યું કે, સદર કામને હાલમાં ફક્ત સૈધ્ધાંતિક મંજુરી માટે કામ રજૂ કરેલ છે.

પરંતુ નગરપાલિકામાં આવી કોઇ સૈધ્ધાંતિક મંજુરી આપવાની પ્રથા નથી. તેથી સદર કામ નવેસરથી રજૂ કરવું જોઇએ તેમ જણાવી આ અંગેનો મૌખિક વિરોધ મ્યુનિ. સભ્ય શ્રી નિરંજનભાઇ. પી. પટેલ, શ્રી ઇમદાદઅલી. જે. સૈયદ, શ્રી ચંદ્રેશભાઇ. આર. જૈન, શ્રી ભરતસિંહ. એચ. ચૌહાણ તથા શ્રી ગુલામદસ્તગીર. એન. વહોરાએ નોંધાવ્યો. જેની નોંધ લેવામાં આવી.

આમ, આવેલ દરખાસ્ત મૌખિક વિરોધ સાથે સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં.: ૨૨ :** શાળા સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે.હાઇસ્કૂલમાં અદ્યતન પ્રયોગશાળા બનાવવા અંગે આવેલ કામ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૨૨ / તા.૧૭/૭/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રી આસિફહુસેન. એ. ઠાકોર, શ્રી ગોવિંદભાઇ. આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

શાળા સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન. કે. હોઇસ્કૂલમાં અદ્યતન પ્રયોગશાળા બનાવવા અંગે આવેલ કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા સંચાલિત એન. કે. હાઇસ્કૂલમાં હાલમાં કાર્યરત પ્રયોગશાળાઓ વર્ગખંડોમાં ઊભી કરવામાં આવેલ છે. જેથી વિદ્યાર્થીઓની સખ્યાનાં પૂરતાં પ્રમાણમાં નથી. એટલે કે અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનાં પ્રમાણમાં નાની છે. તેથી શાળાનાં બિલ્ડીગ નં. - ૧ ની પાછળની બાજુએ આવેલ ખુલ્લી જગ્યામાં નવિન જરૂરિયાત મુજબની અદ્યતન પ્રયોગશાળા બનાવવા હિતાવહ જણાય છે. તેથી પેટલાદ નગરપાલિકા સંચાલિત એન. કે. હાઇસ્કૂલમાં અદ્યતન પ્રયોગશાળા નિયામનુસારની પ્રક્રિયા હાથ ધરી બનાવવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ શાળા દ્વારા લોકફાળો ઉઘરાવી, દાન મેળવી તથા ખૂટતી રકમ શાળાનાં સ્વભંડોળમાંથી ખર્ચ કરવા ઠરાવવામાં આવે છે. આ કામે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા શાળાનાં આચાર્યશ્રી તથા નગરપાલિકાનાં ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આ સ્ટેજે મ્યુનિ. સભ્ય શ્રી નિરંજનભાઇ પી. પટેલ એ રજૂઆત કરતાં જણાવ્યું કે, સદર કામનો અંદાજીત ખર્ચ કેટલો થાય તેમ છે ? તથા તે અંગેનાં નકશા તેમજ શું શું કામગીરી કરવાની છે તેની કોઇ વિગત કામ સાથે મૂકવામાં આવેલ નથી તેથી સદર કામ મુલત્વી રાખવા અને તમામ વિગતવાર માહિતી સાથે નવેસરથી રજૂ કરવા જણાવ્યું.

જેનાં પ્રત્યુત્તરમાં રા.પ્રમુખશ્રી / ઉપપ્રમુખશ્રી તથા ચેરપર્સનશ્રીએ જણાવ્યું કે, સદર કામને હાલમાં ફક્ત સૈધ્ધાંતિક મંજુરી માટે કામ રજૂ કરેલ છે.

પરંતુ નગરપાલિકામાં આવી કોઇ સૈધ્ધાંતિક મંજુરી આપવાની પ્રથા નથી. તેથી સદર કામ નવેસરથી રજૂ કરવું જોઇએ. તેમ જણાવી આ અંગેનો મૌખિક વિરોધ મ્યુનિ. સભ્ય શ્રી નિરંજનભાઇ. પી. પટેલ, શ્રી ઇમદાદઅલી. જે. સૈયદ, શ્રી ચંદ્રેશભાઇ. આર. જૈન, શ્રી ભરતસિંહ. એચ. ચૌહાણ તથા શ્રી ગુલામદસ્તગીર. એન. વહોરાએ નોંધાવ્યો જેની નોંધ લેવામાં આવી.

આમ, આવેલ દરખાસ્ત મૌખિક વિરોધ સાથે સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં.: ૨૩ :** પેટલાદ નગરપાલિકાની એમ્બ્યુલન્સ માટે નવિન ટાયર નંગ -૦૪ ખરીદ કરવા અંગે આવેલ રીપોર્ટ તથા તે અંગેનો અંદાજીત રૂા. ૩૪,૨૦૦/- નો અંદાજીત ખર્ચ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૨૩ / તા.૧૭/૭/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ રમીલાબેન. આર. તળપદા,શ્રી પ્રવિણભાઇ. એમ. વસાવાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાની એમ્બ્યુલન્સ વાન માટે નવિન ટાયર નંગ -૦૪ ખરીદ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને અમ્બ્યુલન્સ વાન ફાળવવામાં આવેલ છે. જેને અંદાજે આઠ વર્ષ જેટલો સમય વીતી ગયેલ છે. તેથી વાનનાં વપરાશને કારણે તેનાં ટાયર ઘસાઇ ગયેલ છે. સદર વાહન આકસ્મિક અગત્યનાં ઉપયોગ માટે હોઇ ટાયરને લીધે વાહન ખોટકાઇ જાય તો જાનહાનિ થઇ શકે અને મોટી મુશ્કેલી પણ ઊભી થઇ શકે તેમ છે. તેથી તેનાં ટાયર બદલવા અતિ આવશ્યક છે. વાનનાં ટાયર જે તે વખતે જેકે ટાયર કંપનીનાં બેસાડેલ હતાં તેથી આ જ કંપનીનાં ટાયર તેનાં જરૂરી નંબર મુજબનાં બેસાડવા પડે તેમ છે. અને જો અન્ય કંપનીનાં બેસાડવામાં આવે તો તે હાલની વ્હીલ પ્લેટમાં ફીટ થઇ શકે તેમ ન હોઇ પ્લેટ પણ બદલાવવી પડે તેમ છે.જેનો ખર્ચ વધુ થાય તેમ છે. તેથી સંસ્થાનું આર્થિક હિત જોતાં અને વાહનની સલામતિ જોતાં પેટલાદ નગરપાલિકાની એમ્બ્યુલન્સ વાનનાં ટાયર જે.કે. ટાયર કંપનીનાં ઓથોરાઇઝ્ડ ડિલર પાસેથી તેનાં નંબર મુજબનાં ટાયર નંગ -૦૪ ખરીદ કરવા ઠરાવવામાં આવે છે. તથા સદર કામે આવેલ રૂા. ૩૪,૨૦૦/- નો અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. તથા આ કામે આગળની તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને તથા ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં.: ૨૪ :** જિલ્લા આયોજન કચેરી દ્વારા પેટલાદ નગરપાલિકાને વિવેકાધિન જોગવાઇ અંતર્ગતની રૂા.૨૫.૦૦ લાખની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી કામ સાથે સામેલ યાદી મુજબનાં જુદા જુદા કામો હાથ ધરવા અંગે આવેલ રીપોર્ટ તથા તે અંગેનો તૈયાર થઇ આવેલ રૂા. ૧૮,૩૫,૯૮૬/- ના અંદાજીત ખર્ચ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૨૪ / તા.૧૭/૭/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રી પ્રવિણભાઇ. એમ. વસાવા, શ્રી ગોવિંદભાઇ. આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

જિલ્લા આયોજન કચેરી દ્વારા પેટલાદ નગરપાલિકાને વિવેકાધિન જોગવાઇ અંતર્ગતની રૂા. ૨૫.૦૦ લાખની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી કામ સાથે સામેલ યાદી મુજબનાં કામો હાથ ધરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સાસારાસારનો વિચાર કરતાં જિલ્લા આયોજન કચેરી, આણંદ દ્વારા તેઓની કચેરીનાં પત્ર ક્રમાંકઃ આયોજન / સમ / વશી / ૧૦૧ / ૨૦૧૩. તા.૨૩/૧૨/૨૦૧૩ થી પેટલાદ નગરપાલિકાને વિવેકાધિન જોગવાઇ હેઠળની રૂા. ૨૫.૦૦ લાખની ગ્રાન્ટની રકમ ફાળવવામાં આવેલ છે. યોજનાનાં નિયમાનુસાર સદર ગ્રાન્ટની રકમમાંથી રસ્તા, પાણી, ગટર તથા વિજળીકરણને લગતાં કામો હાથ ધરી શકાય તેમ છે. તેથી પાણીને લગતાં વારિગૃહ વિભાગનાં નીચે જણાવ્યા મુજબનાં કામો હાથ ધરવા યોગ્ય જણાય છે.

| અ.નં. | કામનું નામ | અંદાજીત રકમ |
|---|---|---|
| ૧. | નગરપાલિકાનાં વારિગૃહ વિભાગનાં હયાત બોર માટે વોટર લુબ્રીકેટેડ વર્ટીકલ ટર્બાઇન પંપ સેટ - ૦૨ તથા એસેસરીઝ ખરીદ કરવાનું કામ. | રૂા. ૭,૮૧,૮૮૫=૦૦. |
| ૨. | નગરપાલિકાનાં વારિગૃહ વિભાગનાં રણછોડજી મંદિર હેડવર્કસની હયાત જુની ટાંકીથી નવિન બનનાર ટાંકી સુધી ૪૦૦ મીમી વ્યાસની ડી.આઇ.કે.-૯ પાઇપ લાઇન નાંખવાનું કામ. | રૂા. ૪,૨૧,૬૧૦=૦૦. |
| ૩. | પેટલાદ નગરપાલિકા રણછોડજી મંદિર હેડવર્કસ પર ૨૫૦ મીમી વ્યાસનો ૧૨૦ મીટર ઊંડો બોર બનાવવાનું કામ. | રૂા. ૪,૪૪,૫૨૫=૦૦. |
| ૪. | પેટલાદ નગરપાલિકાના રણછોડજી મંદિર હેડવર્કસ પર બનનાર નવા બોર માટે સબમર્સિબલ પંપીગ મશીનરી ખરીદ કરવાનું કામ. | રૂા. ૧,૮૭,૯૬૬=૦૦. |
| | કુલ :- | રૂા.૧૮,૩૫,૯૮૬=૦૦. |

આમ, ઉપર જણાવેલ કામો જિલ્લા આયોજન કચેરી દ્વારા વિવેકાધિન જોગવાઇ અંતર્ગતની સને ૨૦૧૪-૧૫ નાં વર્ષની ફાળવેલ રૂા. ૨૫.૦૦ લાખની ગ્રાન્ટની રકમમાંથી નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી કામો કરાવવા ઠરાવવામાં આવે છે. તથા ઉપર જણાવેલ કામો સામે દર્શાવેલ અંદાજીત ખર્ચની રકમો મળી કુલ રૂા.૧૮,૩૫,૯૮૬/- નાં અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રી તથા ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે. અને આ અંગેની તમામ જવાબદારી રા.પ્રમુખશ્રી તથા ચીફ ઓફિસરશ્રીની રહેશે તેમ ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં.: ૨૫ :** પેટલાદ નગરપાલિકા કાર્યાલય બહાર સેનેટરી વિભાગ માટે ડિઝલ રાખવાની બનાવેલ કાચી રૂમને બદલે પાકી રૂમ બનાવવા અંગે આવેલ રીપોર્ટ તથા તૈયાર થઇ આવેલ રૂા.૨,૯૫,૦૦૦/- ના અંદાજીત ખર્ચ જોઇ તપાસી યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૨૫ / તા.૧૭/૭/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રી પ્રવિણભાઇ. એમ. વસાવા, શ્રીમતિ રમીલાબેન. આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા કાર્યાલય બહાર સેનેટરી વિભાગ માટે ડિઝલ રાખવાની બનાવેલ કાચી રૂમને બદલે પાકી રૂમ બનાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા કાર્યાલય બહાર સેનેટરી વિભાગનાં ઇંધણ ડિઝલ-ઓઇલ મૂકવા તથા સાધનો મૂકવા માટેની સ્ટોરરૂમ પતરાંની કાચી રૂમ બનાવેલ છે. આ રૂમ કાચો શેડ હોવાથી ક્યારેક ઇંધણની ચોરી તથા તેમાં રાખવામાં આવતાં સાધનોની ચોરી થવા સંભવ છે. તેથી પાકી દિવાલોની રૂમ બનાવવા યોગ્ય જણાય છે. તેથી પેટલાદ નગરપાલિકા કાર્યાલય બહાર સેનેટરી વિભાગનાં ડિઝલ રાખવાની બનાવેલ કાચી રૂમને બદલે પાકી રૂમ નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી બનાવવા ઠરાવવામાં આવે છે. સદર કામે તૈયાર થઇ આવેલ રૂા. ૨,૯૫,૦૦૦/- નો અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રી તથા ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે. તથા તે અંગેની તમામ જવાબદારી રા.પ્રમુખશ્રીની તથા ચીફ ઓફિસરશ્રીની રહેશે તેમ ઠરાવવામાં આવે છે.

આ સ્ટેજે મ્યુનિ. સભ્ય શ્રી નિરંજનભાઇ. પી. પટેલ એ જણાવ્યું કે, અગાઉ કામ નં.૧૩ માં નગરપાલિકાનું નવિન બિલ્ડીગ બનાવવાનું કામ છે. જેમાં અંદાજે રૂા. ૨.૦૦ કરોડનો ખર્ચ થનાર છે. જેથી હાલનાં બિલ્ડીગમાં આ રૂમ બનાવવા માટે નગરપાલિકાનાં સ્વભંડોળનો અર્થહિન ખર્ચ કરવો ન જોઇએ અથવા તો સ્વચ્છતા અભિયાનની રૂા.૨૦.૦૦ લાખની ગ્રાન્ટની રકમમાંથી થઇ શકે તેમ હોય તો તેમાંથી કરાવવું જોઇએ. તેમ જણાવી મ્યુનિ. સભ્યશ્રી નિરંજનભાઇ. પી. પટેલ, શ્રી ઇમદાદઅલી. જે. સૈયદ, શ્રી ચંદ્રેશભાઇ. આર. જૈન, શ્રી ભરતસિંહ. એચ. ચૌહાણ તથા શ્રી ગુલામદસ્તગીર એન. વહોરાનો મૌખિક વિરોધ છે. તેમ જણાવ્યું. જે બાબતની નોંધ લેવામાં આવી.

આમ, આવેલ દરખાસ્ત મૌખિક વિરોધ સાથે સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં.: ૨૬ :** પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં લક્કડપુરા પાસે આવેલ ઓક્સિડેશન પોન્ડનો પાળો તુટી જવાથી આજુબાજુનાં વિસ્તારમાં થયેલ નુકશાન પેટેનાં કામ સાથે સામેલ યાદી મુજબનાં અસરકર્તાઓને કુલ રૂા.૭,૬૦,૧૬૯/- નાં વળતર ચૂકવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૨૬ / તા.૧૭/૭/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રી મનિષભાઇ. આર. શાહ, શ્રી મનુભાઇ. આર. કાછીઆનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં લક્કડપુરા પાસે આવેલ ઓક્સિડેશન પોન્ડનો પાળો તુટી જવાથી આજુબાજુનાં વિસ્તારમાં થયેલ નુકશાન પેટે કામ સાથે સામેલ યાદી મુજબનાં અસરકર્તાઓને વળતર ચૂકવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં લક્કડપુરા પાસે ઓક્સિડેશન પોન્ડ બનાવવામાં આવેલ છે. જેમાં દેવકુવા પંપીગ સ્ટેશનથી પંપ દ્વારા ડ્રેનેજનું પાણી આ ઓક્સિડેશન પોન્ડમાં ઠાલવવામાં આવે છે. જેનો પાળો આકસ્મિક રીતે તુટી જવાથી તેમાં રહેલ ગટરનું પાણી આજુબાજુનાં વિસ્તારમાં ફેલાઇ જતાં આજુબાજુમાં આવેલ ખેતરોમાં પાકને નુકશાન થયેલ હતું. જેથી તેનું વળતર મેળવવા નગરપાલિકામાં રજૂઆત કરવામાં આવતાં સદર બાબતે મદદનીશ ખેતી નિયામક કચેરી, ખંભાત દ્વારા સર્વે કરાવવામાં આવતાં અસરકર્તાઓની યાદી તથા થયેલ નુકશાનની ટકાવારી આધારે થતાં નુકશાનની રકમ સાથે કુલ રકમ રૂા ૭,૬૦,૧૫૯/- નું નુકશાન થયેલ છે. તે આધારે રૂા.૭,૬૦,૧૬૯/- નું વળતર અસરકર્તાઓને ચૂકવવાનું થાય. તેથી સંસ્થાનું આર્થિક હિત જોતાં સદર વળતરની રકમ 'ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી' ને રજૂઆત કરતાં આવી સહાય ચૂકવી ન શકાય તેમ પત્ર પાઠવી જણાવેલ છે. તેથી અત્રેનાં જા.નં. P /૧૪-૧૫ તા,૧૨/૬/૧૪ થી મે. રાહત કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર ખાતે દરખાસ્ત કરવામાં આવેલ છે. આ બાબતે હજુ સુધી કોઇ નિર્ણય આવેલ નથી.તેથી સદર વળતર ચૂકવવાનું કામ હાલ પૂરતું મુલત્વી રાખવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં.: ૨૭:** પેટલાદ નગરપાલિકાનાં ઘરવેરા વિભાગમાં મિલકત ટ્રાન્સફર માટેની આવતી અરજીઓ પરત્વે લેવામાં આવતી ટ્રાન્સફર ફીનાં દરમાં વધારો કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૨૭ / તા.૧૭/૭/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ રમીલાબેન. આર. તળપદા, શ્રી આસિફહુસેન. એ. ઠાકોરનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં ઘરવેરા વિભાગમાં મિલકત ટ્રાન્સફર માટેની આવતી અરજીઓ પરત્વે લેવામાં આવતી મિલકત ટ્રાન્સફર ફીનાં દરમાં વધારો કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં ઘરવેરા વિભાગમાં મિલકત ટ્રાન્સફર માટેની આવતી અરજીઓ પરત્વે લેવામાં આવતી મિલકત ટ્રાન્સફર ફીમાં વધારો કરવામાં આવે તો તેનાથી નગરપાલિકાની આવકમાં વધારો થાય અને આર્થિક સ્થિતિમાં સુધારો થાય તેમ છે. તેથી તેમાં વધારો કરવો યોગ્ય જણાય છે. જેની વિગત નીચે મુજબ છે.

| | ટ્રાન્સફરની વિગત | હાલનો દર | વધારા દર |
|---|---|---|---|
| ૧. | વેચાણ દસ્તાવેજ આધારિત | વેચાણ કિંમતનાં ૧% | વેચાણ કિંમતનાં ૧% |
| ૨. | વારસાઇ આધારિત | ઉચ્ચક રૂા. ૫૦૦/- | ઉચ્ચક રૂા. ૨,૦૦૦/- |
| ૩. | બક્ષીસ લેખ<br>(અન્ય તમામ કિસ્સા) માટે | ઉલ્લેખ નથી | દસ્તાવેજ / બજાર કિંમતનાં ૧% |

નોંધ :- ઉપરોક્ત વધારા દર મુજબ વેચાણ કિંમત અથવા અન્ય તમામ કિસ્સામાં જે તે કિંમત મુજબ થતી કુલ રકમ રૂા. ૨,૦૦૦/- થી જો ઓછી થાય તેવા સંજોગોમાં ઓછામાં ઓછી રકમ રૂા. ૨,૦૦૦/- વસુલ લેવામાં આવશે.

આમ, ઉપર જણાવેલ વિગતે પેટલાદ નગરપાલિકા દ્વારા હાલમાં વસુલ લેવામાં આવતી મિલકત ટ્રાન્સફર ફીમાં ઉપર જણાવ્યા મુજબનો વધારો કરવા ઠરાવવામાં આવે છે. તથા તે અંગેનો અમલ તા.૦૧/૦૮/૨૦૧૪ થી કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં.: ૨૮:** પેટલાદ નગરપાલિકા દ્વારા વસુલવામાં આવતાં ઘરવેરાનાં હાલનાં વેરામાં ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૯૯ હેઠળ નવિન કરવેરા દાખલ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૨૮ / તા.૧૭/૭/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રી મનુભાઇ. આર. કાછીઆ, શ્રી મનિષભાઇ. આર. શાહનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા દ્વારા વસુલવામાં આવતાં ઘરવેરાનાં હાલનાં વેરામાં ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૯૯ હેઠળ નવિન કરવેરા દાખલ કરવા અંગે નગરપાલિકા નિયામકશ્રીનો આવેલ પત્ર તથા વિભાગમાંથી આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીનાં મે.નગરપાલિકા નિયામકશ્રી, ગાંધીનગર દ્વારા તેઓની કચેરીનાં પત્ર ક્રમાંકઃ નપાનિ / ટેક્ષ શાખા / નવિન કરવેરા / વશી /૨૦૧/ ૧૪. તા. ૦૫/૦૪/૨૦૧૪ થી પત્ર પાઠવી જે નગરપાલિકાઓમાં વિવિધ કરવેરા લેવામાં આવતાં નથી તેવી નગરપાલિકાઓએ ગુજરાત નગરપાલિકા અધિનિયમ - ૧૯૬૩ ની કલમ - ૯૯ હેઠળ તેવા કરવેરા દાખલ કરવા જણાવેલ છે. સદર બાબતે જરૂરી ચર્ચા -વિચારણા કરવાની થતી હોઇ સદર કામ ફેરવિચારણા માટે હાલ પૂરતું મુલત્વી રાખવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં.: ૨૯:** પેટલાદ નગરપાલિકાનાં યુ.આઇ.ડી.એસ.એસ.એમ.ટી. યોજના અંતર્ગત પાણી પૂરવઠાનાં મંજુર થયેલ કામ બાબતે ટી.પી. ૧ માં બનાવેલ સમ્પ માટે પાણીની પાઇપ લાઇન નાંખવાનાં કામે રેલ્વે ક્રોસ કરી પાઇપ નાંખવાની થાય છે. તે માટે મંજુરી મેળવતાં રેલ્વે વિભાગ તરફથી આવેલ પત્ર અન્વયે રૂા. ૮,૬૯,૬૪૨/- રેલ્વેમાં જમા કરાવવા બાબતે આવેલ પત્ર વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૨૯ / તા.૧૭/૭/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રી આસિફહુસેન. એ. ઠાકોર, શ્રીમતિ રમીલાબેન. આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં યુ.આઇ.ડી.એસ.એસ.એમ.ટી. યોજના અંતર્ગત પાણી પૂરવઠાનાં મંજુર થયેલ કામ બાબતે ટી.પી ૧ માં બનાવેલ સમ્પ માટેની પાણીની પાઇપ લાઇન નાંખવાનાં કામે રેલ્વે ક્રોસ કરી પાઇપ નાંખવા બાબતે રેલ્વે દ્વારા મળેલ મંજુરી અન્વયે રૂા. ૮,૬૯,૬૪૨/- રેલ્વે વિભાગમાં જમા કરાવવા અંગે આવેલ પત્ર તથા રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રી દ્વારા યુ.આઇ.ડી.એસ.એસ.એમ.ટી. યોજના અંતર્ગત પેટલાદ નગરપાલિકાની પાણી પૂરવઠા યોજનાનું કામ મંજુર થયેલ છે. તેનાં ભાગરૂપે પેટલાદની ટી.પી. સ્કીમ નં. ૧ માં બનાવેલ સમ્પ માટે રેલ્વે ક્રોસ કરી પાઇપ લાઇન નાંખવાની થાય છે. તે માટે રેલ્વે વિભાગની જરૂરી મંજુરી મેળવવામાં આવતાં ડિવિઝનલ રેલ્વે મેનેજર (વર્ક), પશ્ચિમ રેલ્વે, વડોદરા દ્વારા તેઓની કચેરીનાં પત્ર ક્રમાંકઃ W / 220 / 5 / 2257 (W2), તા.૦૬/૦૬/૨૦૧૪ થી સદર કામને મંજુરી આપવામાં આવેલ છે. અને તે પેટે રૂા.૮,૬૯,૬૪૨/- રેલ્વે વિભાગમાં જમા કરાવવા જણાવેલ છે. તે આધારે પેટલાદ નગરપાલિકાની પાણી પૂરવઠા યોજના યુ.આઇ.ડી.એસ.એસ.એમ.ટી. અંતર્ગત મંજુર થયેલ કામ પરત્વે સદર યોજનાની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી સદર ખર્ચ કરવા ઠરાવવામાં આવે છે. તથા આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને તથા ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે. તથા આ અંગેની તમામ જવાબદારી રા.પ્રમુખશ્રીની તથા ચીફ ઓફિસરશ્રીની રહેશે તેમ ઠરાવવામાં આવે છે.

આ સ્ટેજે મ્યુનિ. સભ્ય શ્રી નિરંજનભાઇ. પી. પટેલે જણાવ્યું કે, આ ખર્ચ જે તે સમયે તૈયાર કરવામાં આવેલ એસ્ટીમેટમાં આવરી લીધેલ હશે અને તેથી આ ખર્ચ ટેન્ડરની શરતોને આધિન જે તે કોન્ટ્રાક્ટરશ્રીએ કરવાનો થાય. જેથી ગ્રાન્ટની રકમનો ખોટો ખર્ચ ન કરવો જોઇએ તેમ છતાં સઘળી બાબતની ખાત્રી કરી આટલો મોટો માતબર ખર્ચ કરવો જોઇએ. જેને વિરોધ પક્ષનાં અન્ય ચાર સભ્યશ્રીઓએ પણ સમર્થન આપ્યું.

આ બાબતે જરૂરી ચર્ચા વિચારણાં કરવામાં આવી. ચર્ચા વિચારણાનાં અંતે સદર રેલ્વેમાં જમા કરાવવાની રકમ બાબતનું કામ હાલ પૂરતું ફેર વિચારણા માટે મુલત્વી રાખવા નક્કી કરવામાં આવ્યું. અને તે મુજબ સર્વસંમતિથી દરખાસ્તમાં ઉલ્લેખ કરી દરખાસ્ત સુધારવા ઠરાવવામાં આવ્યું.

આમ, આવેલ દરખાસ્તમાં થયેલ સુધારા મુજબની દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં.: ૩૦:** પેટલાદ નગરપાલિકાનાં કર્મચારીઓને ફરજ પર આવવા તથા જવાનાં સમયની ચોક્કસ નોંધ થઇ શકે તેવા આશયથી હાજરી માટેનું ઇલેક્ટ્રાનિક થંભ એટેન્ડન્સ સીસ્ટમ ખરીદ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૩૦ / તા.૧૭/૭/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ રમીલાબેન. આર. તળપદા, શ્રી પ્રવિણભાઇ. એમ. વસાવાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં કર્મચારીઓને ફરજ પર આવવા તથા જવાનાં સમયની ચોક્કસ નોંધ થઇ શકે તેવા આશયથી હાજરી માટેનું ઇલેક્ટ્રાનિક થંભ એટેન્ડન્સ સીસ્ટમ ખરીદ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમા લીધો. સારાસારનો વિચાર કરતાં હાલમાં સંસ્થામાં ફરજ બજાવતાં કાયમી કર્મચારીઓ માટે હાજરી પત્રક રાખવામાં આવેલ છે. જેમાં ફક્ત હાજરી નોંધાય છે. જેથી સમય કરતાં વહેલાં - મોડા આવવાની નોંધ હોતી નથી. બીજું કે, આ રજીસ્ટર વપરાશમાં વારંવાર ફાટી જાય છે. તેનાંથી કુલ દિવસોની હાજરી નોંધવામાં તકલીફ થાય છે. તથા અન્ય કર્મચારીઓની હાજરીમાં પણ ચેક-ચાક કરી ફેરફાર થાય છે. જેને કારણે રેકર્ડ નિભાવવામાં ઘણી મુશ્કેલીઓ ઊભી થાય છે. તેથી વર્તમાન યુગ મુજબ ઇલેક્ટ્રોનિક થંભ એટેન્ડન્સ સોફટવેર સહિતનું હાજરી પત્રક વસાવવામાં આવે તો આ તમામ પ્રશ્નો હલ થઇ શકે તેમ છે. તેથી પેટલાદ નગરપાલિકામાં ફરજ બજાવતાં કાયમી કર્મચારીઓની હાજરી માટેનું ઇલેક્ટ્રોનિક થંભ એટેન્ડન્સ સીસ્ટમ તેનાં સોફટવેર સહિત નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી ખરીદ કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે આવેલ રૂા. ૫૦,૦૦૦/- નો અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ કામે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને અને ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે. તથા આ અંગેની તમામ જવાબદારી રા.પ્રમુખશ્રીની અને ચીફ ઓફિસરશ્રીની રહેશે તેમ ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુ રથાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં.: ૩૧:** પેટલાદ નગરપાલિકા દ્વારા આંગણવાડી બનાવવાનાં કામે ફાળવેલ જગ્યામાં ફેરફાર કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૩૧ / તા.૧૭/૭/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ નયનાબેન. આર. પટેલ, શ્રીમતિ રમીલાબેન. આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા દ્વારા આંગણવાડી બનાવવાનાં કામે ફાળવેલ જગ્યામાં ફેરફાર કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ચાલતી આંગણવાડીઓ માટેનાં બાંધકામ કરવા અગાઉ સામાન્ય સમગ્ર સભામાં ઠરાવ કરી જગ્યાની ફાળવણી કરવામાં આવેલ હતી તે પૈકી પઠાણવાડા તથા તાઇવાડા વિસ્તારની આંગણવાડી બનાવવા આ વિસ્તારની નજીકનો વિસ્તાર પઠાણવાડા મસ્જીદ પાસે રસ્તા પૈકીની જગ્યાનો આવેલ ખુલ્લા ચોકમાં સામાન્ય સમગ્ર સભાનાં ઠરાવ નં. ૬૦/તા.૨૭/૦૭/૦૭ થી ઠરાવ કરી જગ્યાની ફાળવણી કરેલ હતી. અને વધુ જગ્યાનાં અભાવે ગ્રાઉન્ડફલોર તથા ફર્સ્ટફલોરનુ. બાંધકામ કરી એક જ જગ્યાએ બે આંગણવાડી માટે જગ્યા ફાળવવામાં આવેલ હતી. પરંતુ આ વિસ્તારનાં રહીશો દ્વારા સંલગ્નિત કચેરીમાં મૌખિક રજૂઆત કરતાં જણાવેલ કે, સદર વિસ્તારનો ધાર્મિક ઉપયોગ વારંવાર થાય છે તેથી આંગણવાડી નડતરરૂપ બને તેમ છે. તેથી આઇ.સી.ડી.એસ. ઘટક-૧, તાલુકા પંચાયત, પેટલાદ કચેરી દ્વારા તેઓની કચેરીનાં પત્ર ક્રમાંકઃ આઇ.સી.ડી.એસ. / વશી / ૫૧૩. તા. ૧૭/૪/૧૪ થી પત્ર પાઠવી સદર જગ્યાને બદલે ખોડિયાર ભાગોળ પાસેની જગ્યામાં આ આંગણવાડીઓ બનાવવા જગ્યાની ફાળવણી કરવા જણાવેલ છે. તે આધારે પઠાણવાડા તથા તાઇવાડા વિસ્તારની આંગણવાડી ખોડિયાર ભાગોળ પાસે આવેલ ખુલ્લી જગ્યામાં જગ્યા ફાળવવા ઠરાવવામાં આવે છે. તથા આ જગ્યા પૂરતાં પ્રમાણમાં હોઇ બન્ને અલગ-અલગ આંગણવાડી બનાવવા માટે જગ્યા ફાળવવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુશ્રીને તથા ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે. સદર બાબતની તમામ જવાબદારી રા.પ્રમુખશ્રી તથા ચીફ ઓફિસરશ્રીની રહેશે તેમ ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં.: ૩૨:** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં સરકારશ્રી દ્વારા શરૂ કરવામાં આવનાર ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ એન્ડ ગર્લ્સ માટે જગ્યા ફાળવવા ન વાંધા પ્રમાણપત્ર આપવા બાબતે બાળલગ્ન પ્રતિબંધ અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી, આણંદનો આવેલ પત્ર વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૩૨ / તા.૧૭/૭/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રી જીજ્ઞેશભાઇ. એ. જોષી, શ્રી આસિફહુસેન. એ. ઠાકોરનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં સરકારશ્રી દ્વારા શરૂ કરવામાં આવનાર ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ એન્ડ ગર્લ્સ માટે જગ્યા ફાળવવા ન વાંધા પ્રમાણપત્ર આપવા બાબતે આવેલ પત્ર વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં નવાં રચાયેલાં આણંદ જિલ્લામાં સરકારી ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ એન્ડ ગર્લ્સ (બાળગૃહ) આણંદ જિલ્લામાં શરૂ કરવા સરકારશ્રી દ્વારા જણાવેલ છે. સદર બાળગૃહ પેટલાદ ખાતે બનાવવા નક્કી કરેલ હોઇ તે માટે જરૂરી જગ્યા અંકુર સોસાયટી પાછળ આવેલ ટી.પી. સ્કીમ નં.૨ નાં ફા.પ્લો. નં. ૧૩/બી/૧ વાળી કે જે મે. કલેક્ટરશ્રી હસ્તકની છે. તે જગ્યાનું નિરીક્ષણ કરવામાં આવતાં જરૂરી ધારા-ધોરણ મુજબ જમીન પાત્રતા ધરાવે છે. તેથી આ જગ્યાની ફાળવણી કરી તે અંગેનું ન વાંધા પ્રમાણપત્ર આપવા બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી, આણ.દ દ્વારા તેઓનાં પત્ર ક્રમાંકઃ સસુઅઆ / જમીનફાળવણી / ૧૦૧૩ / ૨૦૧૪. તા. ૨૧/૦૫/૨૦૧૪ થી પત્ર પાઠવી જણાવેલ છે. તે આધારે પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ અંકુર સોસાયટીની પાછળ, પોલિસ લાઇનની સામે આવેલ પેટલાદની ટી.પી.સ્કીમ નં. ૨ નાં ફા. પ્લો. નં.૧૩/બી/૧ વાળી જગ્યા ચિલ્ડ્રન હોમ ફારે બોયઝ એન્ડ ગર્લ્સ માટે ફાળવવામાં આવે તો નગરપાલિકાને કોઇ વાંધા સરખું નથી. અને તે મુજબનું પ્રમાણપત્ર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં.: ૩૩:** નામદાર ડિસ્ટ્રીક્ટ કોર્ટ, નડીઆદ / આણંદ માં પેટલાદ નગરપાલિકાનાં ચાલતાં વિવિધ કેસોની ફી ચૂકવવા વકીલ શ્રી હંસાબેન. સી. કંદોઇ એ દાખલ કરેલ અપીલ બાબતે નગરપાલિકાના બચાવ તથા જવાબો રજૂ કરવા વકીલ રોકવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૩૩ / તા.૧૭/૭/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રી આસિફહુસેન. એ. ઠાકોર, શ્રી મનિષભાઇ. એન. ઠાકોરનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

નામદાર ડિસ્ટ્રીક્ટ કોર્ટ, નડીઆદ / આણંદ માં પેટલાદ નગરપાલિકાનાં ચાલતાં વિવિધ કેસોની ફી ચૂકવવા વકીલ શ્રી હંસાબેન. સી. કંદોઇ એ દાખલ કરેલ અપીલ બાબતે નગરપાલિકાના બચાવ તથા જવાબો રજૂ કરવા વકીલ રોકવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં અગાઉ નામદાર ડિસ્ટ્રીક્ટ કોર્ટ નડીઆદ ખાતે આવેલ હતી. જેમાં આણંદ જિલ્લો નવો રચાતાં જિલ્લાની નામદાર ડીસ્ટ્રીક્ટ કોર્ટ આણંદ ખાતે નવિન રચાયેલ છે. તેથી પેટલાદ નગરપાલિકાનાં નામદાર ડિસ્ટ્રીક્ટ કોર્ટ નડિયાદ ખાતે જે વિવિધ કેસો ચાલતાં હતાં તે આણંદ ખાતે ટ્રાન્સફર થયેલ છે. આ કેસો પરત્વે નગરપાલિકાનાં બચાવ તથા જવાબો રજૂ કરવા અને મુદતોમાં હાજર રહેવા અંગે જે તે સમયે પ્રતિ વર્ષ ઉચ્ચક ફી થી વકીલ રોકવામાં આવતાં હતાં.અને તે બાબતનાં જે તે સમયે ઠરાવ પણ કરવામાં આવેલ છે. આ તમામ કેસોની ફી ચૂકવવા બાબતે નગરપાલિકાની આર્થિક સ્થિતિની જોગવાઇ અનુસાર અગાઉ રૂા. ૧૬,૦૦૦/- ફી પેટે ચૂકવવામાં આવેલ હતાં. અને તે સિવાયની બાકી રકમ ચૂકવવાની બાકી હતી. જે ચૂકવી ન શકાતાં નગરપાલિકાએ રોકેલ આ વકીલ શ્રી હંસાબેન. સી. કંદોઇ એ બાકી ફી ની રકમ તથા તે પરત્વેનું વ્યાજ મળી કુલ રૂા. ૩,૨૭,૯૭૫=૪૦ પૈસા ચૂકવી આપવા નામદાર કોર્ટમાં અપીલ દાખલ કરવામાં આવેલ છે. સદર બાબતે નગરપાલિકા તરફે બચાવ તથા જવાબો રજૂ કરવા અને મુદતોમાં હાજર રહેવા વકીલ તરીકે શ્રી ઇકબાલબેગ. એસ. મિરઝાં ને રૂા. ૧૧,૦૦૦/- ની ઉચ્ચક ફી થી રોકવા ઠરાવવામાં આવે છે. અને આ અંગે આગળની જરૂરી કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને તથા ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આ સ્ટેજે મ્યુનિ. સભ્ય શ્રી નિરંજનભાઇ. પી. પટેલે જણાવ્યુ કે, પેટલાદ નગરપાલિકાનાં ચાલતાં કેસો બાબતે વકીલ રોકવામાં આવેલ હતાં અને તેમની ફી ચૂકવવી જરૂરી છે. પરંતુ કોર્ટમાં અપીલ દાખલ કરેલ હોઇ તેમની સાથે સમાધાન કરી વ્યાજની રકમ બાદ કરી ચૂકવણું કરવામાં આવે તે યોગ્ય છે. સદર બાબતે જરૂરી ચર્ચા વિચારણાં કરવામાં આવી. પર્યાપ્ત ચર્ચા વિચારણાનાં અંતે સદર બાબતે સમાધાન માટેની સત્તા અધિકારીશ્રી - પદાધિકારીશ્રીઓને આપી કેસનો નિકાલ કરવા નક્કી કરવામાં આવ્યું.

તેથી, રજૂ થયેલ દરખાસ્તમાં સુધારો કરી સદર બાબતે સમાધાન કરવાની સત્તા રા.પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી તથા ચીફ ઓફિસરશ્રીને આપવા ઠરાવવામાં આવે છે. અને સમાધાન આધારે ચૂકવવાની થતી રકમ જે નક્કી થાય તે ચૂકવવા ઠરાવવામાં આવે છે.

આમ. આવેલ દરખાસ્ત સુધારા મુજબની દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં.: ૩૪:** પેટલાદ નગરપાલિકાને ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા મનારંજન કરની સને ૨૦૧૩-૧૪ ની એસ.સી.એસ.પી.ની રૂા.૪,૭૭,૦૫૪/- ની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી કામ સાથે સામેલ યાદી મુજબનાં વિકાસનાં કામો હાથ ધરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૩૪ / તા.૧૭/૭/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ નયનાબેન. આર. પટેલ, શ્રી પ્રવિણભાઇ. એમ. વસાવાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાને ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા મનોરંજન કરની સને ૨૦૧૩-૧૪ ની એસ.સી.એસ.પી.ની રૂા.૪,૭૭,૦૫૪/- ની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી કામ સાથે સામેલ યાદી મુજબનાં વિકાસનાં કામો હાથ ધરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીનાં ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ ગાંધીનગર દ્વારા તેઓની કચેરીનાં દફતરી હુકમ ક્રમાંકઃ મફબ / મનો. કર / SCSP / ૨૦૧૩-૧૪ / વશી / ૧૬૯૦૨. તા. ૨૨/૮/૨૦૧૩ થી મનોરંજન કરની સને ૨૦૧૩-૧૪ નાં વર્ષની SCSP ની રૂા. ૪,૭૭,૦૫૪/- ની ગ્રાન્ટની રકમ ફાળવવામાં આવેલ છે. આ ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી યોજનાનાં નિયમાનુસાર પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં નીચે જણાવ્યા મુજબનાં કામો હાથ ધરવા ઠરાવવામાં આવે છે.

| અ.નં. | કામની વિગત | અંદાજીત ખર્ચની રકમ |
|---|---|---|
| ૧. | હોજવાળી ચાલી પાસે આવેલ જાહેર શૌચાલય બનાવવાનું કામ. | રૂા. ૩,૩૭,૬૬૭=૦૦. |
| ૨. | પેટલાદ સંતરામપુરાની ચાલીમાં આવેલ રમીલાબેન તથા મુકેશભાઇ મગનભાઇ નાં ઘર તરફનો રસ્તો સી.સી. કરવાનું કામ. | રૂા. ૧,૫૮,૯૫૯=૦૦. |
| | કુલ :- | રૂા. ૪,૯૬,૬૨૬=૦૦. |

આમ, ઉપરોક્ત જણાવેલ કામો ગુજરાત મ્યુનિ. ફાઇનાન્સ બોર્ડ દ્વારા મનોરંજન કરની એસ.સી.એસ.પી. ની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી કરવા ઠરાવવામાં આવે છે. તથા ઉપરોક્ત જણાવેલ કામ સામે દર્શાવેલ તેનાં અંદાજીત ખર્ચની રકમ મળી કુલ રૂા. ૪,૯૬,૬૨૬=૦૦ નાં અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રી તથા ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે. અને આ અંગેની તમામ જવાબદારી રા.પ્રમુખશ્રીની તથા ચીફ ઓફિસરશ્રીની રહેશે તેમ ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં.: ૩૫:** પેટલાદ નગરપાલિકાને ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા જમીન મહેસૂલની રૂા.૬૬,૬૩૬/- ની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ નારવાળાની ખડકીમાં સી.સી. રોડ બનાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૩૫ / તા.૧૭/૭/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રી આસિફહુસેન. એ. ઠાકોર, શ્રી મનિષભાઇ. એન. ઠાકોરનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાને ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા જમીન મહેસૂલની રૂા.૬૬,૬૩૬/- ની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ નારવાળાની ખડકીમાં સી.સી. રોડ બનાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીનાં ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર દ્વારા તેઓની કચેરીનાં દફતરી હુકમ ક્રમાંકઃ મફબ / યુ.-૪ / જ.મ.બી.ખે. / લો.ફંડ સેસ / સિંચાઇ દર / ગ્રાંટ / ૨૦૧૨-૧૩ / ૨૦૧૨ / ૨૧૧૫૯. તા. ૨૫/૬/૨૦૧૩ થી સને ૨૦૧૨-૧૩ નાં વર્ષની જમીન મહેસૂલ અને જમીન મહેસૂલ પાણીનાં દર ઉપરનાં સેસની રૂા. ૬૬,૬૩૬/- ની ગ્રાન્ટની રકમ પેટલાદ નગરપાલિકાને ફાળવવામાં આવેલ છે. આ ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ નારવાળાની ખડકીમાં સી.સી. રોડ નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી બનાવવા ઠરાવવામાં આવે છે. સદર કામે તૈયાર થઇ આવેલ રૂા. ૭૫,૫૧૦/- નાં અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રી તથા ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે. તથા સદર બાબતની તમામ જવાબદારી રા.પ્રમુખશ્રી તથા ચીફ ઓફિસરશ્રીની રહેશે તેમ ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં.: ૩૬:** પેટલાદ નગરપાલિકાને ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા એસ. સી. પી. ની રૂા.૩,૩૪,૬૫૦/- ની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ સોહંગ સિનેમા પાસે જાહેર શૌચાલય બનાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૩૬ / તા.૧૭/૭/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા, શ્રી પ્રવિણભાઇ. એમ. વસાવાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાને ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા એસ. સી. પી. ની રૂા.૩,૩૪,૬૫૦/- ની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ સોહંગ સિનેમા પાસે જાહેર શૌચાલય બનાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીનાં ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર દ્વારા તેઓની કચેરીનાં દફતરી હુકમ ક્રમાંકઃ મફબ / યુ.-૨ / ૧૩ મુ નાણાંપંચ / પ્રથમ હપ્તો / ૨૦૧૩-૧૪ / ૧૪૧૯૭ / ૧.. તા. ૨૩/૭/૨૦૧૩ થી સને ૨૦૧૩-૧૪ નાં વર્ષની ૧૩ મા નાણાં પંચ અંતર્ગત એસસીપી સદર હેઠળ રૂા. ૩,૩૪,૬૫૦/- ની ગ્રાન્ટની રકમ પેટલાદ નગરપાલિકાને ફાળવેલ છે. આ ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં સોહંગ સિનેમા પાસે આવેલ સોહંગ હરિજનવાસ પાસેનાં જુના જર્જરિત શૌચાલય તોડી તેનાં બદલે નવિન શૌચાલય નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી બનાવવા ઠરાવવામાં આવે છે. સદર કામે તૈયાર થઇ આવેલ રૂા. ૩,૩૭,૬૬૭/- નાં અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રી તથા ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે. તથા આ અંગેની તમામ જવાબદારી રા.પ્રમુખશ્રી તથા ચીફ ઓફિસરશ્રીની રહેશે તેમ ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં.: ૩૭:** પેટલાદ નગરપાલિકાને ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા રસ્તા મરામત માટેની રૂ.૨૩.૦૦ લાખની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં કામ સાથે સામેલ યાદી મુજબનાં વિકાસનાં કામો હાથ ધરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૩૭ / તા.૧૭/૭/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રી મુઝફફરઅલી. એચ. સૈયદ, શ્રીમતિ નયનાબેન. આર. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાને ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા રસ્તા મરામત માટેની રૂ.૨૩.૦૦ લાખની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં કામ સાથે સામેલ યાદી મુજબનાં વિકાસનાં કામો હાથ ધરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીનાં ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર દ્વારા તેઓની કચેરીનાં દફતરી હુકમ ક્રમાંકઃ મફબ / ભારે વરસાદ / મનપા / યુ.-૨ / ૨૦૧૩-૧૪ / ૮૭૩. તા. ૬/૧/૨૦૧૪ થી રસ્તા મરામત માટેની રૂ. ૨૩.૦૦ લાખની ગ્રાન્ટની રકમ પેટલાદ નગરપાલિકાને ફાળવવામાં આવેલ છે. આ ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી નીચે જણાવ્યા મુજબનાં કામો હાથ ધરવા ઠરાવવામાં આવે છે.

| અ.નં. | કામની વિગત | અંદાજીત ખર્ચની રકમ |
|---|---|---|
| ૧. | લાયન્સ ગાર્ડન સામેથી મણિધન સોસાયટી તરફનો ટી.પી. રોડ સી.સી. કરવાનું કામ. | રૂ. ૨૦,૮૫,૨૯૬=૦૦. |
| ૨. | દેવકુવા વાઘરીવાસ પાસે આવેલ બાબુભાઇ તળપદાના ઘરની પશ્ચિમે આવેલ રસ્તામાં સી.સી. રોડ બનાવવાનું કામ. | રૂ. ૨,૨૪,૯૦૦=૦૦. |
| | કુલ :- | રૂ. ૨૩,૧૦,૧૯૬=૦૦. |

આમ, ઉપરોક્ત જણાવેલ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારનાં કામો ગુજરાત મ્યુનિ. ફાઇનાન્સ બોર્ડ દ્વારા રસ્તા મરામતની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી કરવા ઠરાવવામાં આવે છે. ઉપરોક્ત જણાવેલ કામ સામે દર્શાવેલ અંદાજીત ખર્ચની રકમ મળી કુલ રૂ.૨૩,૧૦,૧૯૬/- નાં અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રી તથા ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવામાં આવે છે. તથા આ અંગેની તમામ જવાબદારી રા.પ્રમુખશ્રી તથા ચીફ ઓફિસરશ્રીની રહેશે તેમ ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં.: ૩૮:** પેટલાદ નગરપાલિકાને ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા મનોરંજન કર તથા કેબલ ટી.વી.ની રૂા.૧૧,૦૬,૭૬૬/- ની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં કામ સાથે સામેલ યાદી મુજબનાં વિકાસનાં કામો હાથ ધરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૩૮ / તા.૧૭/૭/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ નયનાબેન. આર. પટેલ, શ્રી આસિફહુસેન. એ. ઠાકોરનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાને ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા મનોરંજન કર તથા કેબલ ટી.વી.ની રૂા.૧૧,૦૬,૭૬૬/- ની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ ન.પા. હદ વિસ્તારમાં કામ સાથે સામેલ યાદી મુજબનાં વિકાસનાં કામો હાથ ધરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીનાં ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર દ્વારા તેઓની કચેરીનાં દફતરી હુકમ ક્રમાંકઃ મફબ / મનો. કર / કેબલ ટીવી / ગ્રાન્ટ ફાળવણી / ૨૦૧૩-૧૪ / વશી / ૧૦૬૨૪. તા. ૨૬/૧/૨૦૧૩ થી સને ૨૦૧૩-૧૪ નાં વર્ષની મનોરંજન કર તથા કેબલ ટીવી ડીસ્ક એન્ટેનાની રૂા.૧૧,૦૬,૭૬૬/- ની ગ્રાન્ટની રકમ પેટલાદ નગરપાલિકાને ફાળવવામાં આવેલ છે. આ ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં નીચે જણાવ્યા મુજબનાં કામો હાથ ધરવા ઠરાવવામાં આવે છે.

| અ.નં. | કામની વિગત | અંદાજીત ખર્ચની રકમ |
|---|---|---|
| ૧. | પ્રભુલાલની ચાલીમાં સી.સી. રોડ બનાવવાનું કામ. | રૂા. ૧,૪૯,૬૫૯=૦૦. |
| ૨. | પ્રિયાપાર્ક સોસાયટીમાં સી.સી. રોડ બનાવવાનું કામ. | રૂા. ૧,૩૫,૫૩૫=૦૦. |
| ૩. | નૂરતલાવડીમાં આવેલ મહેન્દ્રભાઇ પરમારનાં ઘરેથી ભાનુભાઇ મોતીભાઇ પરમારનાં ઘર સુધી જવાનાં રસ્તા સુધી સી.સી. રોડ કરવાનું કામ. | રૂા. ૬૭,૬૪૨=૦૦. |
| ૪. | નૂરતલાવડી પાસે આવેલ બચુમીયાંનાં ઘર આગળ સી.સી. બ્લોક ફીટીગ કરવાનું કામ. | રૂા. ૬૭,૮૨૧=૦૦. |
| ૫. | નૂરતલાવડીમાં આવેલ હનુમાનજી મંદિર પાસેથી કાંતિભાઇ વ્રજભાઇ પટેલનાં ઘર સુધી સી.સી. રોડ બનાવવાનું કામ. | રૂા. ૧,૬૬,૩૩૮=૦૦. |
| ૬. | પોરડાવાળી ચાલીમાં મુખ્ય રસ્તાથી માતાજીનાં મંદિર સુધી સી.સી. રોડ બનાવવાનું કામ. | રૂા. ૨,૨૩,૨૧૯=૦૦. |
| ૭. | ગારીયાપીર મસ્જીદ પાછળ સૈયદવાડાનો ખાંચો સી.સી. રોડ બનાવવાનું કામ. | રૂા. ૧,૫૫,૩૦૯=૦૦. |
| ૮. | ત્રિવેદીની ચાલીમાં મેલસિંહ દરબારનાં ઘર તરફથી પેન્ટરવાળી ગલીમાં જવાનો રોડ સી.સી. રોડ બનાવવાનું કામ. | રૂા. ૬૫,૭૧૪=૦૦. |
| ૯. | કાઠીયાવાડી ચાલીમાં બ્લોક પેવિંગનું કામ. | રૂા. ૭૯,૬૮૩=૦૦. |
| | કુલ :- | રૂા. ૧૧,૧૦,૯૨૦=૦૦. |

આમ, ઉપર જણાવેલ કામો પેટલાદ નગરપાલિકાને ગુજરાત મ્યુનિ. ફાઇનાન્સ બોર્ડ દ્વારા મનોરંજન કર તથા કેબલ ટીવીની ફાળવેલ રકમમાંથી નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી કરવા ઠરાવવામાં આવે છે. ઉપરોક્ત જણાવેલ કામ સામે દર્શાવેલ અંદાજીત ખર્ચની રકમ મળી કુલ રૂા.૧૧,૧૦,૯૨૦/- નાં અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રી તથા ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવામાં આવે છે. તથા આ અંગેની તમામ જવાબદારી રા.પ્રમુખશ્રી અને ચીફ ઓફિસરશ્રીની રહેશે તેમ ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા


નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં.: ૩૯:** પેટલાદ નગરપાલિકા દ્વારા ૧૩ મા નાણાં પંચ અંતર્ગત ગ્રાન્ટની રકમમાંથી મંજુર થયેલ કામ પૈકી છીપવાડમાં સીસી રોડ બનાવવાનાં કામને બદલે તે રકમમાંથી દિવાનની ખડકીમાં સી.સી રોડ બનાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૩૯ / તા.૧૭/૭/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રી આસિફહુસેન. એ. ઠાકોર, શ્રીમતિ નયનાબેન. આર. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા દ્વારા ૧૩ મા નાણાં પંચ અંતર્ગત ગ્રાન્ટની રકમમાંથી મંજુર થયેલ કામ પૈકી છીપવાડમાં સીસી રોડ બનાવવાનાં કામને બદલે તે રકમમાંથી દિવાનની ખડકીમાં સી.સી રોડ બનાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને ફાળવવામાં આવેલ ૧૩ મા નાણાં પંચ અંતર્ગતની રૂા. ૩૬,૯૭,૭૬૪/- ની ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં જુદા જુદા કામો હાથ ધરવા સામાન્ય સમગ્ર સભાનાં ઠરાવ નં. ૧૦ / તા.૩/૫/૨૦૧૩ થી મંજુર થયેલ હતાં. સદર ઠરાવમાં જણાવેલ કામો પૈકી અ. નં. ૯ નું છીપવાડમાં સી.સી. રોડ બનાવવાનાં રૂા. ૯૦,૦૪૯=૦૦ વાળા કામની આગળની કાર્યવાહી હાથ ધરવામાં જરૂરી પ્રક્રિયા કરતાં આ સમયગાળા દરમ્યાન આણંદ સંસદીય મતવિસ્તારનાં માનનીય સંસદ સભ્યશ્રીની ગ્રાન્ટની રકમમાંથી સ્થળ પર સી.સી. બ્લોક બેસાડવામાં આવેલ છે. તેથી આ કામ સ્થળ પર હાથ ધરી શકાય તેમ નથી. આ વોર્ડનાં અન્ય વિસ્તાર દિવાનની ખડકીમાં સીસી રોડ બનાવવા રજૂઆત કરેલ છે. અને વોર્ડનાં સભ્યશ્રીઓએ ભલામણ કરેલ છે. તેથી ૧૩ મા નાણાંપંચ અંગર્તત ગ્રાન્ટની રકમમાંથી છીપવાડમાં સીસી રોડ બનાવવાનાં કામને બદલે દિવાનની ખડકીમાં સી.સી. રોડ બનાવવામાં આવે તો પ્રશ્નનું નિરાકરણ થાય તેમ છે. તેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં છીપવાડમાં સી.સી. રોડને બદલે ૧૩ મા નાણાંપંચની ગ્રાન્ટની આ રકમમાંથી દિવાનની ખડકીમાં સી.સી. રોડ બનાવવા ઠરાવવામાં આવે છે. સદર કામે તૈયાર થઇ આવેલ રૂા. ૯૧,૯૩૧/- નો અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને તથા ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે. તથા આ અંગેની તમામજવાબદારી રા.પ્રમુખશ્રી તથા ચીફ ઓફિસરશ્રીની રહેશે તેમ ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં.: ૪૦:** પેટલાદ નગરપાલિકાનાં સેનેટરી વિભાગનાં ટ્રેક્ટર નં. જી.જે.૨૩ બી -૩૭૧૨ નું રીપેરીગ કરાવવા અંગે રા.પ્રમુખશ્રીએ સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૪૦ / તા.૧૭/૭/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રી આસિફહુસેન. એ. ઠાકોર, શ્રી જીજ્ઞેશભાઇ. એ. જોષીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં સેનેટરી વિભાગમાં સફાઇ કામે ઉપયોગમાં લેવામાં આવતાં ટ્રેક્ટર નં. જી.જે.૨૩ બી -૩૭૧૨ વપરાશને કારણે બગડી જવાથી સફાઇ કામગીરી અટકી ન પડે તેવા શુભાશયથી તેનું રીપેરીગ કરાવવું આવશ્યક હોઇ પેટલાદ નગરપાલિકાનાં સેનેટરી વિભાગમાં સફાઇ કામે ઉપયોગમાં લેવામાં આવતાં ટ્રેક્ટર નં. જી.જે.૨૩ બી -૩૭૧૨ નું રા.પ્રમુખશ્રીએ સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ જરૂરી રપેરીગ શક્તિ ટ્રેક્ટર રીપેરીગ વર્કસ, પેટલાદ પાસેથી કરાવવા અંગે કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. તથા સદર કામનાં રૂા. ૧૯,૮૦૦/- નાં ખર્ચને મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં.: ૪૧:** પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગનાં રણછોડજી મંદિર પાસે આવેલ મખ્ય હેડ વર્ક્સ ખાતેના પંપ હાઉસ નં. ૧ નાં બોરનો ૩૫ એચપીનો ટર્બાઇન પંપ બગડી જવાથી તેનું રીપેરીગ કરાવવા રા.પ્રમુખશ્રીએ સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૪૧ / તા.૧૭/૭/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રી આસિફહુસેન. એ. ઠાકોર, શ્રી ગોવિંદભાઇ. આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગનાં રણછોડજી મંદિર પાસે આવેલ મુખ્ય હેડ વર્ક્સ ખાતે પંપ હાઉસ નં. ૧ નાં બોરનો ૩૫ એચપીનો ટર્બાઇન પંપ ચાલુ વપરાશ દરમ્યાન બગડી જવાથી શહેરમાં આપવામાં આવતો પાણી પૂરવઠો ખોરવાઇ ન જાય તેવા શુભાશયથી તેનું તાત્કાલિક રીપેરીગ કરાવવું આવશ્યક હતું. તેથી રા.પ્રમુખશ્રીએ આ પંપનું રીપેરીગ કરાવવા સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. તથા સદર કામનાં રૂા. ૩૬,૫૫૦/- નાં ખર્ચને મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં.: ૪૨:** પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં દેવકુવા પંપીગ સ્ટેશન ખાતે આવેલ પંપ સેટ નં.૧ બગડી જવાથી તેને આ કામગીરી માટેનાં સને ૨૦૧૩-૧૪ નાં વર્ષ માટે મંજુર થયેલ વાર્ષિક ધોરણનાં ભાવથી રીપેરીગ કરાવવા અંગે રા.પ્રમુખશ્રીએ સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૪૨ / તા.૧૭/૭/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા, શ્રીમતિ રમીલાબેન. આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં દેવકુવા મુખ્ય પંપીગ સ્ટેશન ખાતે આવેલ પંપ સેટ નં.૧ ચાલુ વપરાશ દરમ્યાન બગડી જવાથી ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી અટકાઇ ન પડે તેવા શુભાશયથી તેનું રીપેરીગ કરાવવું આવશ્યક હતું. તેથી પંપ રીપેરીગ કરાવવાનાં સને ૨૦૧૩-૧૪ નાં  વર્ષનાં મંજુર થયેલ વાર્ષિક ધોરણનાં ભાવથી રીપેરીગ કરાવવા રા.પ્રમુખશ્રીએ સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. તથા સદર કામનાં રૂા. ૬૩,૯૮૯/- નાં ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં.: ૪૩:** પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં દેવકુવા પંપીગ સ્ટેશન ખાતે આવેલ પંપ નં.૧ નું પેનલ બોર્ડ બગડી જવાથી તેને આ કામગીરી માટેનાં સને ૨૦૧૩-૧૪ નાં વર્ષના મંજુર થયેલ વાર્ષિક ધોરણનાં ભાવથી રીપેરીગ કરાવવા અંગે રા.પ્રમુખશ્રીએ સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૪૩ / તા.૧૭/૭/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ રમીલાબેન. આર. તળપદા, શ્રી ગોવિંદભાઇ. આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં દેવકુવા પંપીગ સ્ટેશન ખાતે આવેલ પંપ સેટ નં.૧ બગડી જવાથી તેને કારણે પેનલ બોર્ડ પણ ચાલુ વપરાશ દરમ્યાન બગડી ગયેલ જેથી ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી અટકી ન પડે તેવા શુભાશયથી તેનું તાત્કાલિક રીપેરીગ કરાવવું આવશ્યક હતું. તેથી આ કામનાં સને ૨૦૧૩-૧૪ નાં વર્ષ માટેનાં મંજુર થયેલ વાર્ષિક ધોરણનાં ભાવથી તેનું રીપેરીગ કરાવવા રા.પ્રમુખશ્રીએ સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. તથા સદર કામનાં રૂા.૮,૬૦૩/- નાં ખર્ચને મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં.: ૪૪:** પેટલાદ નગરપાલિકાને ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા સ્વચ્છ ગુજરાત અંતર્ગતની રૂા.૨૦,૦૦,૦૦૦/- ની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી ભૂગર્ભ ગટર યોજના અંતર્ગતની સફાઇ, પાણી પૂરવઠા માટે ક્લોરિન ગેસ ખરીદી, પરમાણિયા તળાવમાં જંતુનાશક દવા છંટકાવ કરાવવા તથા સેનેટરી વિભાગ માટે સફાઇની ચીજ વસ્તુઓ ખરીદ કરવા અંગે રા.પ્રમુખશ્રીએ સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૪૪ / તા.૧૭/૭/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ રમીલાબેન. આર. તળપદા, શ્રી ગોવિંદભાઇ. આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

સરકારશ્રીનાં ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર દ્વારા તેઓની કચેરીનાં દફતરી હુકમ ક્રમાંકઃ મફબ / નિ.ગું / સ્વચ્છ ગુજરાત / ૬૮ ન.પા. / યુ-૨ / ૨૦૧૩-૧૪ / ૧૯૯૩૭. તા.૨૭/૦૯/૨૦૧૩ થી પેટલાદ નગરપાલિકાને રૂા. ૨૦.૦૦ લાખની ગ્રાન્ટની શહેરમાં સફાઇ ઝૂંબેશ, જંતુનાશક દવાઓનાં છંટકાવ, ચોમાસાની ઋતુમાં રોગચાળો અટકાવવા, આરોગ્યપ્રદ પાણી પૂરવઠો પૂરો પાડવા વિગેરે જેવા કામો માટે સ્વચ્છ ગુજરાતની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે. સદર ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ (૧) ભૂગર્ભ ગટરની પાઇપ લાઇન / કુંડીઓ સફાઇ કરાવવા (૨) પરમાણિયા તળાવ, રામનાથ તળાવ તથા ધોબીકુંડ તળાવમાં જંતુનાશક દવાનો છંટકાવ કરાવવા તથા (૩) વારિગૃહ વિભાગ માટે ક્લોરિન ગેસ ખરીદ કરવા અંગે કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. તથા સદર કામનાં અનુક્રમે (૧) રૂા. ૭,૧૨,૪૯૧/- (૨) રૂા. ૨,૫૭,૧૬૩/- તથા (૩) રૂા.૧,૦૧,૫૧૫/- મળી કુલ રૂા.૧૦,૭૧,૧૬૯/- નાં ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આ સ્ટેજે મ્યુનિ. સભ્ય શ્રી આસિફહુસેન. એ. ઠાકોર તથા શ્રી મુઝફ્ફરઅલી. એચ. સૈયદે જણાવ્યું કે, ઉપરોક્ત દરખાસ્તમાં જણાવેલ કામો પૈકી કામ નં.૧ કે જે ભૂગર્ભ ગટર યોજનાની પાઇપ લાઇન સફાઇ કરાવવા બાબતનું છે જેનાં રનીગ મીટરનાં આવેલ ભાવ વધારે છે. અને અન્ય નગરપાલિકામાં આ ભાવ કરતાં ઓછા ભાવથી કામગીરી આ જ એજન્સીએ આવી જ કામગીરી કરી આપેલ છે જેથી ભાવ મંજુર કરી શકાય નહી. સદર બાબતે જરૂરી ચર્ચા વિચારણા કરવામાં આવી. પર્યાપ્ત ચર્ચા વિચારણાનાં અંતે રા.અધ્યક્ષશ્રીએ દરખાસ્તમાં સુધારો કરી સદર કામ ફેર વિચારણા માટે હાલ પૂરતું મુલત્વી રાખવા દર્શાવી કામ હાલ પૂરતું મુલત્વી રાખવા નક્કી કરવામાં આવતાં તે મુજબ દરખાસ્તમાં સુધારો કરવા ઠરાવવામાં આવ્યું. જેને અભાખંડમાં ઉપસ્થિત તમામ સભ્યશ્રીઓએ મૌખિક સમર્થન આપતાં સદર કામ હાલ પૂરતું મુલત્વી રાખવા ઠરાવવામાં આવ્યું.

આમ, આવેલ દરખાસ્તમાં સુધારો કાર્યા મુજબની દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં.: ૪૫:** ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા પેટલાદ નગરપાલિકાને ફાળવેલ ૧૩ મા નાણાંપંચની ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકાનાં કાયમી કર્મચારીઓનાં માહે એપ્રિલ અંતિત પગાર કરવા માટે ખૂટતી રકમ રૂા. ૧૦,૦૦,૦૦૦/- સદર ગ્રાન્ટની રકમમાંથી ખર્ચ કરવા અંગે રા.પ્રમુખશ્રીએ સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૪૫ / તા.૧૭/૭/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ નયનાબેન. આર. પટેલ, શ્રી આસિફહુસેન. એ. ઠાકોરનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકામાં ફરજ બજાવતાં કાયમી અને રોજમદાર કર્મચારીઓ તથા કોન્ટ્રાક્ટનાં માણસોનો માહે એપ્રિલ - ૧૪ અંતિત માસિક પગાર કરવા માટેની જરૂરી રકમમાં સરકારશ્રી દ્વારા મળવાપાત્ર ઓક્ટ્રોય વળતર ગ્રાન્ટની રૂા. ૨૧,૫૪,૭૬૬/- ની રકમ ઉપરાંત અંદાજે રૂા. ૧૦,૦૦,૦૦૦/- જેટલી રકમ ખૂટતી હોવાથી સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ ૧૩ મા નાણાંપંચની ગ્રાન્ટની રકમમાંથી આ ખૂટતી રકમ રૂા.૧૦.૦૦ લાખનો ખર્ચ કરી તેઓનો પગાર કરવા રા.પ્રમુખશ્રીએ સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી, હુકમ તથા રૂા. ૧૦.૦૦લાખ નાં ખર્ચને બહાલી આપવા ઠરાવવામાં આવે છે.

આ સ્ટેજે મ્યુનિ. સભ્ય શ્રી નિરંજનભાઇ. પી. પટેલે જણાવ્યું કે, સરકારશ્રીમાંથી આવતી વિવિધ ગ્રાન્ટો તેનાં જે તે હેતુ માટે ફાળવવામાં આવે છે. અને વિકાસનાં કામો કરવા ફાળવવામાં આવે છે. તેથી પગાર માટે આવી ગ્રાન્ટમાંથી આવો ખર્ચ કરી ન શકાય અને પગાર માટે તકલીફ ન પડે તે માટે ઘરવેરાની બાકી વસુલાત કડક બનાવવી જોઇએ.

આ બાબતને મ્યુનિ. સભ્ય શ્રી મુઝફ્ફરઅલી. એચ. સૈયદે પણ મૌખિક સમર્થન આપ્યું. જેથી સદર બાબતે જરૂરી ચર્ચા વિચારણાં કરવામાં આવી. પર્યાપ્ત ચર્ચા વિચારણાનાં અંતે રા.અધ્યક્ષશ્રીએ રજૂ થયેલ દરખાસ્તમાં સુધારો કરી પેટલાદ નગરપાલિકાનાં કર્મચારીઓનાં પગાર કરવા માટે ૧૩ મા નાણાંપંચ અંતર્ગતની ગ્રાન્ટની રકમમાંથી રૂા. ૧૦.૦૦ લાખનો કરેલ ખર્ચ પેટલાદનગરપાલિકાનાં સ્વભંડોળમાંથી ખર્ચ કરી સદર ગ્રાન્ટમાં પરત જમા કરાવવા નક્કી કરવામાં આવ્યું. તેથી સદર રકમ પરત જમા કરાવવા ઠરાવવામાં આવ્યું અને તે મુજબનો સુધારો દરખાસ્તમાં કરવા ઠરાવવામાં આવ્યું

આમ, આવેલ દરખાસ્તમાં સુધારો કર્યા મુજબની દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં.: ૪૬:** પેટલાદ નગરપાલિકાનાં ગાર્ડન-સ્મશાન માટે ઉચ્ચક રકમથી કોન્ટ્રાક્ટ આપવા અંગે રા.પ્રમુખશ્રીએ સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૪૬ / તા.૧૭/૭/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રી પ્રવિણભાઇ. એમ. વસાવા, શ્રી ગોવિંદભાઇ. આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા સંચાલિત ગાર્ડન તથા સ્મશાાનમાં આવેલ ગાર્ડનની જાળવણી તથા મરામત કરવા ઉચ્ચક રૂા. ૧૨,૦૦૦/- નાં કોન્ટ્રાક્ટથી કામગીરી કરાવવા કારોબારી સમિતિ સમક્ષ રીપોર્ટ રજૂ કરેલ હતો. જે બાબતે કારોબારી સમિતિનાં ઠરાવ ક્રમાંકઃ ૩૨ / તા.૨૨/૧૦/૨૦૧૩ થી ઠરાવ કરી સદર કામ ફેરવિચારણા માટે મુલત્વી રાખવામાં આવેલ હતું. પરંતુ રોજબરોજની જરૂરિયાતી કામગીરી જોતાં કામગીરી કરાવવી જરૂરી જણાતાં કોન્ટ્રાક્ટર સાથે પરામર્શ કરવામાં આવતાં સદર કામગીરી રૂા. ૧૦,૦૦૦/- ની ઉચ્ચક રકમથી કામગીરી કરી આપવા સંમતિ દર્શાવેલ હતી. તે આધારે આ રકમથી પેટલાદ નગરપાલિકા સંચાલિત લાયન્સ ગાર્ડન તથા સ્મશાનગૃહમાં આવેલ બગીચાની જાળવણી તથા મરામત કરાવવા રા.પ્રમુખશ્રીએ સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી, હુકમ તથા રૂા. ૧૦,૦૦૦/- નાં ખર્ચને બહાલી આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં.: ૪૭:** પેટલાદ નગરપાલિકા સંચાલિત પી.દાસવાળા કોમ્યુનિટી હોલનો મુખ્ય દરવાજો તુટી જવાથી તેને રીપેરીગ કરાવવા અંગે રા.પ્રમુખશ્રીએ સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૪૭ / તા.૧૭/૭/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા, શ્રી પ્રવિણભાઇ. એમ. વસાવાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા સંચાલિત પી.દાસવાળા કોમ્યુનિટી હોલનો મુખ્ય દરવાજો તુટી જવાથી હોલની સલામતિનાં ભાગરૂપે તેનું રીપેરીગ કરાવવું ખૂબજ આવશ્યક હતું. તેથી રા.પ્રમુખશ્રીએ સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ પેટલાદ નગરપાલિકા સંચાલિત પી.દાસવાળા કોમ્યુનિટી હોલનો મુખ્ય દરવાજો રીપેરીગ કરી લોખંડનો દરવાજો લગાવવા કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. તથા સદર કામનાં રૂા.૧૫,૦૭૭=૦૦.નાં ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં.: ૪૮:** પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજના વિભાગમાં ઉપયોગમાં લેવામાં આવતાં જેટિંગ મશીનની ચેસિસ અચાનક તુટી જવાથી તેનું રીપેરીગ કરાવવા અંગે રા.પ્રમુખશ્રીએ સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૪૮ / તા.૧૭/૭/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રી મનુભાઇ. આર. કાછીઆ, શ્રી ગોવિંદભાઇ. આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજના વિભાગ દ્વારા સફાઇ કામે ઉપયોગમાં લેવામાં આવતાં જેટિંગ મશીન વાહન નં. જી.જે.-૨૩ વિ ૮૬૭૨ ચાલુ વાહને તેની ચેસિસ તુટી જવા પામેલ તેથી ભૂગર્ભ ગટર યોજનાની પાઇપ-લાઇન / કુંડીઓની સફાઇ કામગીરી અટકી ન પડે તેવા આશયથી તેનું રીપેરીગ કરાવવું જરૂરી હોવાથી રા.પ્રમુખશ્રીએ સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ તેનું રીપેરીગ કરાવવા કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે.તથા સદર કામનાં રૂા.૩૩,૫૦૦/- નાં ખર્ચને મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

આ સ્ટેજે મ્યુનિ. સભ્ય શ્રી રમેશભાઇ. આર. રાણા તથા મુન્તજીમોદ્દીન. એન. કાજી સભાગૃહમાંથ૦ બહાર જાય છે.

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં.: ૪૯ :** પેટલાદ નગરપાલિકામાં કોન્ટ્રાક્ટરનાં કામદાર તરીકે કામ કરતાં શ્રી પરેશકુમાર કાંતિલાલ પટેલ એ નામદાર લેબર કોર્ટમાં રેફ નં. ૧૪૯/૦૩ થી કરેલ ફરિયાદ બાબતે આવેલ ચુકાદા સામે નગરપાલિકા તરફે દાદ માંગવા નામદાર હાઇકોર્ટમાં અપીલ દાખલ કરવા અંગે રા.પ્રમુખશ્રીએ સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ વકીલ રોકવા તથા અપીલ દાખલ કરવા અંગે કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૪૯ / તા.૧૭/૦૭/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રી મનિષભાઇ. આર. શાહ, શ્રી મનુભાઇ. આર. કાછીઆનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકામાં કોન્ટ્રાક્ટરનાં કામદાર તરીકે કામ કરતાં શ્રી પરેશકુમાર કાંતિલાલ પટેલ એ નામદાર મજુર અદાલત આણંદ ખાતે રેફ નં. ૧૪૯ / ૦૩ થી પેટલાદ નગરપાલિકા વિરુધ્ધ તેઓને નોકરીમાં પુનઃસ્થાપિત કરવા ફરિયાદ દાખલ કરવામાં આવેલ હતી. જે પરત્વે નામદાર મજુર અદાલત દ્વારા તા.૨૯/૦૧/૨૦૧૪ નાં રોજ અરજદારની તરફેણમાં અંશતઃ મંજુર કરવામાં આવેલ છે. અને તેઓનાં પડેલાં દિવસોનાં પગારનાં ૧૦% પગાર સાથે સળંગ નોકરી ગણી એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં તેઓની મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા હુકમ કરેલ છે. તેથી આ બાબતે નગરપાલિકાએ દાદ માંગવા સમયમર્યાદામાં નામદાર હાઇકોર્ટમાં અપીલ દાખલ કરવી પડે. તેથી નગરપાલિકાનાં બચાવ તથા દાદ માંગતી અપીલ નામદાર હાઇકોર્ટમાં દાખલ કરવા રા.પ્રમુખશ્રીએ સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ નગરપાલિકા તરફે બચાવ તથા મુદતોમાં હાજર રહેવા અંગે નામદાર હાઇકોર્ટનાં વકીલ શ્રી ડી.બી. રાણા ને રોકવા કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. તથા સદર કામનાં રૂા. ૪૦,૦૦૦/- નાં ખર્ચને મંજુર કરવા ઠરાવવામાં આવે છે. અને આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને તથા ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આ સ્ટેજે મ્યુનિ. સભ્ય શ્રી ઇમદાદઅલી. જે. સૈયદ, શ્રી ચંદ્રેશકુમાર. આર. જૈનનાં ટેકાથી સુધારો રજૂ કરે છે કે;

કામ નં. ૪૯ નાં પેટલાદ નગરપાલિકાનાં કોન્ટ્રાક્ટ કામનાં કામ કરતાં શ્રી પરેશકુમાર કાંતિલાલ પટેલ નામદાર લેબર કોર્ટમાં અપીલ ન. ૧૪૯/૦૩ થી કરેલ ફરિયાદ બાબતનાં કોર્ટમાં જીતેલાં છે. છતાં પણ પેટલાદ નગરપાલિકાનાં સત્તાધીશો ખોટો નાણાંનો વ્યય કરવા હાઇકોર્ટમાં કેસ રજૂ કરેલ છે.

આ પહેલાં પેટલાદ નગરપાલિકાનાં વકીલ શ્રી હંસાબેન. સી. કંદોઇ એ પેટલાદ નગરપાલિકા તેમને ચૂકવવાની રકમ ૩,૨૭,૯૭૫ + વ્યાજ સામે અપીલ દાખલ કરી છે. કે તેમને વકીલાતની ફી માટે અપીલ દાખલ કરેલ છે. હવે જો પેટલાદ નગરપાલિકા પાસે જુના વકીલની ફી ભરવાનાં નાણાં ના હોય અને વકીલને પેટલાદ નગરપાલિકા વિરુધ્ધ અપીલ દાખલ કરવી પડે તે કેટલી શરમની વાત છે.

હવે પરેશકુમાર કાંતિલાલની સામે કિન્નાખોરી રાખીને હાઇકોર્ટમાં જવા માટે ૪૦૦૦૦/ રૂ. જેવી માતબર રકમની ફી વકીલ શ્રી ડી.બી. રાણાને નક્કી કરેલ છે. તો આ શું સૂચવે છે પેટલાદ નગરપાલિકાની કામ નં. ૩૩ માં નગરપાલિકાની આર્થિક પરીસ્થિતિ ખરાબ હોવાનું કહીને ફીની રકમ હંસાબેન કંદોઇને ચૂકવતાં નથી.

અને હવે આજ નગરપાલિકા પરેશકુમાર કાન્તીલાલ સામે હાઇકોર્ટમાં જવા વકીલશ્રીને ૪૦,૦૦૦/- જેવી ફી નક્કી કરે છે. તો આ નગરપાલિકાનો અણઘડ વહીવટ શું સૂચવે છે. એકબાજુ એક વકીલને ચૂકવવા પૈસા નથી અને બીજી બાજુ બીજા વકીલને ૪૦,૦૦૦/- જેવી માતબર ફી ચૂકવવાનું નક્કી કરે છે.

તો આમ અમે પરેશકુમાર કાન્તીલાલને પાછા સમાધાન કરી નોકરી પર પરત લઇ લેવા ઠરાવી નક્કી કરે છે.

ઉપર જણાવ્યા અનુસાર રજૂ કરવામાં આવેલ દરખાસ્ત તથા સુધારા પરત્વે જરૂરી ચર્ચા-વિચારણા કરવામાં આવી. જેમાં રા. અધ્યક્ષશ્રીએ અને ચીફ ઓફિસરશ્રીએ જણાવ્યું કે, આ પ્રકારનાં થતાં કેસો બાબતે મે. નગરપાલિકા નિયામકશ્રી, દ્વારા તા. ૩/૮/૨૦૦૪ થી પાઠવેલ પરિપત્ર અન્વયે કાર્યવાહી કરેલ છે. અને આ પરિપત્રનો અમલ કરવા તા.૧૪/૪/૧૪ થી પત્ર પાઠવી જણાવેલ છે જેથી તે મુજબ કાર્યવાહી હાથ ધરેલ છે. આમ, જરૂરી ચર્ચા-વિચારણાનાં અંતે રા.અધ્યક્ષશ્રીએ મતદાન લઇ નિર્ણય કરવા આદેશ કર્યો. રા.અધ્યક્ષશ્રીનાં આદેશાનુસાર મતદાન લેતાં નિયમ મુજબ સૌપ્રથમ આવેલ સુધારા ઉપર મતદાન લેવું પડે. જેથી રજૂ થયેલ સુધારા ઉપર મતદાન લેતાં નીચે જણાવ્યા મુજબ મતદાન થાય છે.

| સુધારાની તરફેણમાં | સુધારાની વિરુધ્ધમાં | તટસ્થ |
|---|---|---|
| ૧. શ્રી નિરંજનભાઇ. પી. પટેલ | ૧. શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ. | નથી. |
| ૨. શ્રી ઇમદાદઅલી. જે. સૈયદ | ૨. શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ. | |
| ૩. શ્રી ચંદ્રેશકુમાર. આર. જૈન. | ૩. શ્રીમતિ નયનાબેન. આર. પટેલ. | |
| ૪. શ્રી ભરતસિંહ. એચ. ચૌહાણ. | ૪. શ્રી ઘનશ્યામભાઇ. સી. પટેલ. | |
| ૫. શ્રી ગુલામદસ્તગીર. એન. વહોરા. | ૫. શ્રી પ્રવિણભાઇ. એમ. વસાવા. | |
| | ૬. શ્રી મનિષભાઇ. એન. ઠાકોર. | |
| કુલ : ૦૫ (પાંચ) મત | ૭. શ્રીમતિ નિકીતાબેન. પી. તળપદા. | |
| | ૮. શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા. | |
| | ૯. શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહ. | |

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

૧૦. શ્રી જીજ્ઞેશભાઇ. એ. જોષી.
૧૧. શ્રીમતિ ગીતાબેન. એ. પટેલ.
૧૨. શ્રી જયેશભાઇ. કે. પટેલ.
૧૩. શ્રીમતિ રમીલાબેન. આર. તળપદા.
૧૪. શ્રી મુઝફ્ફરઅલી. એચ. સૈયદ.
૧૫. શ્રી મનિષભાઇ. આર. શાહ.
૧૬. શ્રી મનુભાઇ. આર. કાછીઆ.
૧૭. શ્રીમતિ નીદાબાનુ. વિ. મિરઝાં.
આ સ્ટેજે મ્યુનિ. સભ્ય શ્રી આસિફહુસેન એ. ઠાકોરે આજની સભામાં રજૂ થયેલ કામ નં.૧ નાં ત્રિમાસિક હિસાબમાં જણાયેલ અનિયમિતતા અંગે વિગતવાર મૌખિક રજૂઆત કરી. જેમાં હિસાબી શાખા દ્વારા અપાયેલ ચૂકવણાં, સેનેટરી વિભાગનાં વિવિધ ખર્ચ, સેનેટરી દ્વારા ખાનગી જગ્યામાં કરવામાં આવેલ કામગીરી, કર્મચારીઓની હાજરી તથા તેમનાં પગાર, પેટા કોન્ટ્રાક્ટ બંધ કરવા, ઘણાં લાંબા સમયથી ચૂકવ્યા વગરનાં બીલો, કર્મચારીઓને આપવાનાં થતાં એલાઉન્સ, ટ્રેક્ટર નવિન ખરીદી તેમજ ઇંધણ ખર્ચ વિગેરે જેવી બાબતોનાં અંદાજે ૧૨-૧૩ મુદ્દા વિષે થયેલ અનિયમિતતા અંગે વિગતવાર માહિતી સાથે વિસ્તૃત ચર્ચા કરી.જેની નોંધ લેવા જણાવ્યું.

જેનાં પ્રત્યુત્તરમાં રા.અધ્યક્ષશ્રી તથા રા.ઉપપ્રમુખશ્રીએ ઉપરોક્ત તમામ બાબતોની તપાસ કરવામાં આવશે અને જવાબદાર કર્મચારી અથવા સભ્યો સામે શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે તેમ જણાવ્યું. તથા જરૂર જણાયે ખાસ તપાસ સમિતિની રચના કરી, આ સમિતિનાં નિર્ણયને આખરી નિર્ણય રાખી યોગ્ય કાર્યવાહી પણ કરવામાં આવશે તેમ મૌખિક રીતે જણાવ્યું.

આ તબક્કે મ્યુનિ. સભ્ય શ્રી ઇમદાદઅલી. જે. સૈયદ,શ્રી ચંદ્રેશકુમાર. આર. જૈન, શ્રી ભરતસિંહ. એચ. ચૌહાણ તથા શ્રી ગુલામદસ્તગીર. એન. વહોરાનાં ટેકાથી તા.૨૪/૧૨/૨૦૧૪ નાં રોજ સામાન્ય સભામાં કાર્યસૂચિનાં કામ ન.૧ થી ૧૨ ઉપર સુધારો રજૂ કરે છે કે;

ગુજરાત નગરપાલીકાનાં અધિનીયમ કલમ-૫૧ માં જણાવ્યા મુજબ કાયદાની જોગવાઇ પ્રમાણે નગરપાલીકાની બેઠકો કયારે - કયારે બોલાવવી અને તેમાં જણાવેલ જોગવાઇઓનું પાલન કરવું તે સંદર્ભે આજના સામાન્ય સભાનાં કામો જે સૂચિ પત્રક પ્રમાણે મોકલેલ છે તે બધા જ કામો કલમ-૫૧ મુજબ મુકાયેલાં નથી. એટલે તેનું જોગવાઇઓનું પાલન પણ થઇ શકે તેમ નથી.કારણકે કલમ-૫૧ મુજબ જે કાયદામાં જોગવાઇ પ્રમાણે દર વર્ષે અનુક્રમે જાન્યુઆરી, એપ્રીલ, જુલાઇ અને ઓક્ટોબર મહિનામાં ચાર રાબેતા મુજબ સામાન્ય બેઠકો ભરવામાં આવશે. પરંતુ

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

આજનું આ સામાન્ય સભાનું એજન્ડો જોતાં ખરેખર, ત્રિમાસીક હિસાબ કે નગરપાલીકાએ કરવાનાં કામો જે તે મહિનામાં કરવાનાં હોય અને તે કામો વર્ષની આવતી ઓક્ટોબર માસમાં સામાન્ય સભામાં સદર કામો લેવામાં આવે તેની સ્પષ્ટ જોગવાઇ હોવાં છતાં, તેમજ અગાઉની બેઠકો પણ નિયમ અનુસાર ન બોલાવતાં ગમે તે માસમાં ઉભડક બોલાવવાનું માલુમ પડે છે.

તે જ રીતે હાલમાં ત્રિમાસિક હિસાબો તેમજ બીજા કામોનું સૂચિપત્રક પ્રમાણે સમય વિતી ગયા છતાં ખરેખર સમય પ્રમાણે આવતી બેઠક ન ભરી પોતાની મનસ્વી રીતે કાયદામાં ઠરાવેલ જોગવાઇઓનું ઉલ્લંઘન કરી પ્રમુખશ્રીએ પોતાની મર્યાદાનું પાલન કરેલ નથી.

આજની મીટીગમાં એજન્ડામાં જણાવ્યા પ્રમાણે ૧ થી ૧૨ સૂચિનાં કામો જે નિયત ઠરાવેલ ઓક્ટોબર માસની મીટીગમાં મુકવા જોઇએ તેનાં બદલે આ સર્વે કામો હાલની ડિસેમ્બર માસની મીટીગ બોલાવી નિયમોનું પાલન કરેલ નથી. કારણ કે, કલમ-૫૧ પ્રમાણે ડિસેમ્બર માસમાં કોઇ મીટીગ આવતી નથી છતાં પોતાનાં કરેલાં કામો અને કરવાનાં કામો તથા સ્ટેન્ડીગ કમીટીમાંથી આવેલાં તમામ ત્રિમાસીક હિસાબોને યોગ્ય કરવો, કે તેને ફક્ત અનુમોદન મેળવવાંજ હાલની સામાન્ય સભા તરીકે બોલાવવામાં આવી છે. જેથી સમયમર્યાદાનું બાધ નડે છે. જેથી ઉપર પ્રમાણેનાં કામોને બહાલી આપી કે ઠરાવો કરી યોગ્ય રીતે ગણાવી શકાય નહિ. જેથી ઉપરનાં ૧ થી ૧૨ કામો નિયમ અનુસાર ન હોય અને કાયદાની રીતે પણ સમયમર્યાદામાં આવતું ન હોય, ઉપરની દરખાસ્તોનાં દરેક ઠરાવોને નામંજુર કરતો ઠરાવ કરીએ છીએ.

ઉપર જણાવ્યા અનુસાર રજૂ કરવામાં આવેલ દરખાસ્ત તથા સુધારા પરત્વે જરૂરી ચર્ચા-વિચારણા કરવામાં આવી. પર્યાપ્ત ચર્ચા-વિચારણાનાં અંતે રા.અધ્યક્ષશ્રીએ મતદાન લઇ નિર્ણય કરવા આદેશ કર્યો. રા.અધ્યક્ષશ્રીનાં આદેશાનુસાર મતદાન લેતાં નિયમ મુજબ સૌપ્રથમ આવેલ સુધારા ઉપર મતદાન લેવું પડે. જેથી રજૂ થયેલ સુધારા ઉપર મતદાન લેતાં નીચે જણાવ્યા મુજબ મતદાન થાય છે.

| સુધારાની તરફેણમાં | સુધારાની વિરુધ્ધમાં | તટસ્થ |
|---|---|---|
| ૧. શ્રી ઇમદાદઅલી.જે.સૈયદ | ૧. શ્રીમતિ મિનાક્ષીબેન.એમ.રાઠોડ. | નથી |
| ૨. શ્રી ચંદ્રેશકુમાર.આર.જૈન. | ૨. શ્રી વિઠ્ઠલભાઇ.આર.પટેલ. | |
| ૩. શ્રી ગુલામદસ્તગીર.એન.વહોરા. | ૩. શ્રી સોમાભાઇ.કે.પરમાર. | |
| ૪. શ્રી ભરતસિંહ.એચ.ચૌહાણ. | ૪. શ્રી ઘનશ્યામભાઇ.સી.પટેલ. | |
| ૫. શ્રી મણિભાઇ.પી.મકવાણા. | ૫. શ્રી પ્રવિણભાઇ.એમ.વસાવા. | |
| કુલઃ ૦૫ (પાંચ) મત | ૬. શ્રી રમેશભાઇ.આર.રાણા. | |
| | ૭. શ્રીમતિ દિપાલીબેન.એચ.શાહ. | |
| | ૮. શ્રી કેતનકુમાર.સી.ગાંધી. | |
| | ૯. શ્રી જીજ્ઞેશકુમાર.એ.જોષી. | |
| | ૧૦. શ્રીમતિ રમીલાબેન.આર.તળપદા. | |
| | ૧૧. શ્રી મુઝફ્ફરઅલી.એચ.સૈયદ. | |
| | ૧૨. શ્રી ગોપાલભાઇ.એમ.ગાંધી. | |
| | ૧૩. શ્રી મનિષભાઇ.આર.શાહ. | |
| | ૧૪. શ્રી મનુભાઇ.આર.કાછીઆ. | |
| | ૧૫. શ્રી જયેશભાઇ.કે.પટેલ. | |
| | ૧૬. શ્રી આસિફહુસેન.એ.ઠાકોર. | |
| | ૧૭. શ્રી મુન્તજીમોદ્દીન.એન.કાજી. | |
| | કુલઃ ૧૭ (સત્તર) મત | |

ત્યારબાદ રજૂ થયેલ દરખાસ્ત ઉપર મતદાન લેતાં નીચે જણાવ્યા મુજબ મતદાન થાય છે.

| દરખાસ્તની તરફેણમાં | દરખાસ્તની વિરુધ્ધમાં | તટસ્થ |
|---|---|---|
| ૧. શ્રીમતિ મિનાક્ષીબેન.એમ.રાઠોડ. | ૧. શ્રી ઇમદાદઅલી.જે.સૈયદ.. | નથી |
| ૨. શ્રી વિઠ્ઠલભાઇ.આર.પટેલ. | ૨. શ્રી ચંદ્રેશકુમાર.આર.જૈન. | |
| ૩. શ્રી સોમાભાઇ.કે.પરમાર. | ૩. શ્રી ગુલામદસ્તગીર.એન.વહોરા. | |
| ૪. શ્રી ઘનશ્યામભાઇ.સી.પટેલ. | ૪. શ્રી ભરતસિંહ.એચ.ચૌહાણ. | |

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**નોધઃ-**

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

૫. શ્રી પ્રવિણભાઇ.એમ.વસાવા.
૬. શ્રી રમેશભાઇ.આર.રાણા.
૭. શ્રીમતિ દિપાલીબેન.એચ.શાહ.
૮. શ્રી કેતનકુમાર.સી.ગાંધી.
૯. શ્રી જીજ્ઞેશકુમાર.એ.જોષી.
૧૦.શ્રી જયેશભાઇ.કે.પટેલ.
૧૧.શ્રી મુઝફ્ફરઅલી.એચ.સૈયદ.
૧૨.શ્રી ગોપાલભાઇ.એમ.ગાંધી.
૧૩.શ્રી મનિષભાઇ.આર.શાહ.
૧૪.શ્રી મનુભાઇ.આર.કાછીઆ.
૧૫.શ્રીમતિ રમીલાબેન.આર.તળપદા.
૧૬.શ્રી આસિફહુસેન.એ.ઠાકોર.
૧૭. શ્રી મુન્તજીમોદ્દીન.એન.કાજી.

કુલઃ ૧૭ (સત્તર) મત

૫. શ્રી મણિભાઇ.પી.મકવાણા.

કુલઃ ૦૫ (પાંચ) મત

આમ, રજૂ થયેલ દરખાસ્ત તથા સુધારા ઉપર થયેલ મતદાન જોતાં દરખાસ્તની તરફેણમાં વધારે મતો નોંધાયેલાં છે.

આથી, આવેલ દરખાસ્ત વધુ મતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

આ તબક્કે મ્યુનિ. સભ્ય શ્રી ઇમદાદઅલી. જે. સૈયદ, શ્રી ચંદ્રેશકુમાર. આર. જૈન, શ્રી ભરતસિંહ. એચ. ચૌહાણ તથા શ્રી ગુલામદસ્તગીર. એન. વહોરાનાં ટેકાથી પોઇન્ટ ઓફ ઓર્ડર રજૂ કરે છે કે;

અમો નીચે સહીઓ કરનાર વિપક્ષનાં સભ્યોએ આપેલી સુધારા દરખાસ્તને કાયદાની જોગવાઇઓ નડતી હોય, તમામ સૂચીપત્રક પ્રમાણેનાં કામો આજની સભામાં લઇ શકાય પણ નહી અને ઠરાવો પણ થઇ શકે તેમ નથી. જેથી અમો પોઇન્ટ ઓફ ઓર્ડર આપી હાલની સભાનું કામ-કાજ આગળ ન ચલાવવા જણાવીએ છીએ.

ઉપર જણાવ્યા મુજબ રજૂ થયેલ " પોઇન્ટ ઓફ ઓર્ડર " સભાગૃહમાં વંચાણમાં લીધા બાદ રા.અધ્યક્ષશ્રીએ પેટલાદ નગરપાલિકાનાં મંજુર થયેલ બાયલોઝ (સને ૧૯૮૩) ની કલમ ૮ અન્વયે મળેલ સત્તાની રૂઇએ રજૂ થેલ "પોઇન્ટ ઓફ ઓર્ડર" રૂલ્ડ આઉટ કરતાં અને તે અંગેની સભાગૃહમાં જાહેરાત કરતાં નીચે જણાવેલ સભ્યશ્રીઓ "વોક આઉટ" કરી સભાગૃહ છોડી ચાલ્યા જાય છે.

વોક આઉટ કરી સભાગૃહ છોડી ચાલ્યા ગયેલ સભ્યશ્રીઓનાં નામ નીચે મુજબ છે.

(૧) શ્રી મઇદાઅલી. જે. સૈયદ.
(૨) શ્રી ચંદ્રેશકુમાર. આર. જૈન.
(૩) શ્રી ગુલામદસ્તગીર. એન. વહોરા.
(૪) શ્રી ભરતસિંહ. એચ. ચૌહાણ.
(૫) શ્રી મણિભાઇ. પી. મકવાણા.

ઉપર જણાવેલ સભ્યશ્રીઓ " વોક આઉટ " કરી સભાગૃહ છોડી ગયા બાદ પણ સભાગૃહનું કોરમ નિયમાનુસાર જળવાઇ રહે છે. તેથી સભાગૃહમાં હાજર રહેલ બાકી તમામ સભ્યશ્રીઓની હાજરીથી બેઠકનું કામકાજ આગળ ચલાવવા રા.અધ્યક્ષશ્રીએ આદેશ કર્યો.

**નોધઃ-**

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં.: ૨ :** શાળા સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે.હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે જુલાઇ - ૧૪ થી માહે સપ્ટેમ્બર - ૧૪ સુધીનો ત્રિમાસિક હિસાબ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૭૩ / તા.૨૪/૧૨/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રી મનિષભાઇ. આર.. શાહ, શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

શાળા સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન. કે. હાઇસ્કૂલનો તેયાર થઇ આવેલ માહે જુલાઇ-૧૪ થી માહે સપ્ટેમ્બર-૧૪ સુધીનો ત્રિમાસિક હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા સંચાલિત એન. કે. હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે જુલાઇ-૧૪ થી માહે સપ્ટેમ્બર-૧૪ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં.: ૩ :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન. કે. હાઇસ્કૂલમાં નવિન પ્રયોગશાળા બનાવવા અંગે રૂા.૭૫,૩૪,૭૪૫/- નોં તૈયાર થઇ આવેલ અંદાજીત ખર્ચ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૭૪ / તા.૨૪/૧૨/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ નયનાબેન. આર. પટેલ, શ્રી મનુભાઇ. આર. કાછીઆનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન. કે. હાઇસ્કૂલમાં નવિન પ્રયોગશાળા બનાવવા અંગે રૂા.૭૫,૩૪,૭૪૫/- નો તૈયાર થઇ આવેલ અંદાજીત ખર્ચ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા સંચાલિત એન. કે. હાઇસ્કૂલમાં પ્રયોગશાળાઓ હાલમાં વર્ગખંડોમાં બનાવવામાં આવેલ છે. જેથી વિદ્યાર્થીઓની સંખ્યાનાં પૂરતા પ્રમાણમાં નથી. તેથી શાળાનાં બિલ્ડીગ નં.-૧ નાં પાછળનાં ભાગે આવેલ ખુલ્લી જગ્યામાં જરૂરિયાત મુજબની અદ્યતન નવિન પ્રયોગશાળા બનાવવા હિતાવહ જણાય છે. આ બાબતે અગાઉ શાળા સમિતિએ ભલામણ કરતાં અત્રેની સામાન્ય સભામાં રજૂ કરતાં જે તે સમયે તે અંગેનાં અંદાજીત ખર્ચ સાથે વિગતવાર કામ રજૂ થયેલ ન હોવાથી ઠરાવ નં.૨૨ / તા.૧૭/૭/૧૪ થી ફક્ત સૈધ્ધાંતિક સ્વીકાર કરવામાં આવેલ હતો. જેથી શાળા સમિતિનાં ઠરાવ નં.૧૬ / ૨૦૧૪-૧૫ તા.૧૫/૧૦/૨૦૧૪ થી સદર કામનાં અંદાજો તૈયાર કરી ભલામણ કરતા ઠરાવ સાથે કામ રજૂ થયેલ છે. જે પરત્વે કારોબારી સમિતિનાં ઠરાવ નં.૪૦ / તા.૨૧/૧૦/૧૪ થી સદર કામની ભલામણ કરેલ છે. તેથી પેટલાદ નગરપાલિકા સંચાલિત એન. કે. હાઇસ્કૂલમાં શાળાનાં બિલ્ડીગ નં.-૧ ની પાછળની બાજુએ આવેલ ખુલ્લી જગ્યામાં નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી અદ્યતન પ્રયોગશાળા બનાવવા ઠરાવવામાં આવે છે. સદર કામે તૈયાર થઇ આવેલ રૂા.૭૫,૩૪,૭૪૫/- નાં અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. આ કામે થનાર તમામ ખર્ચ શાળા દ્વારા દાન મેળવી, લોકફાળો ઉઘરાવી તથા ખૂટતી રકમ શાળાનાં સ્વભંડોળમાંથી ખર્ચ કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા શાળાનાં આચાર્યશ્રી તથા પેટલાદ નગરપાલિકાનાં ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે. તેમજ સદર બાબતની તમામ જવાબદારી પણ શાળાનાં આચાર્યશ્રીની અને પેટલાદ નગરપાલિકાનાં ચીફ ઓફિસરશ્રીની રહેશે તેમ ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-<br>
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)<br>
પ્રમુખ<br>
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં.: ૪ :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન. કે. હાઇસ્કૂલમાં શાળાનાં બિલ્ડીગ નં.-૨ અને નં.-૩ વચ્ચે પાથ બનાવવા અંગે રૂા.૫,૦૪,૧૨૧/- નોં તૈયાર થઇ આવેલ અંદાજીત ખર્ચ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૭૫ / તા.૨૪/૧૨/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રી મનુભાઇ. આર. કાછીઆ, શ્રીમતિ નયનાબેન. આર. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન. કે. હાઇસ્કૂલમાં શાળાનાં બિલ્ડીગ નં.૨ અને નં.૩ વચ્ચે પાથ બનાવવા અંગે રૂા.૫,૦૪,૧૨૧/- નો તૈયાર થઇ આવેલ અંદાજીત ખર્ચ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા સંચાલિત એન. કે. હાઇસ્કૂલમાં શાળાનાં બિલ્ડીગ નં.૨ અને ૩ વચ્ચે પાથ બનાવવા બાબતે અગાઉ શાળા સમિતિએ ભલામણ કરતાં અત્રેની સામાન્ય સભામાં રજૂ કરતાં જે તે સમયે તે અંગેનાં અંદાજીત ખર્ચ સાથે વિગતવાર કામ રજૂ થયેલ ન હોવાથી ઠરાવ નં.૨૦ / તા.૧૭/૭/૧૪ થી ફક્ત સૈધ્ધાંત્તિક સ્વીકાર કરવામાં આવેલ હતો. જેથી શાળા સમિતિનાં ઠરાવ નં.૧૭ / ૨૦૧૪-૧૫ તા.૧૫/૧૦/૨૦૧૪ થી સદર કામનાં અંદાજો તૈયાર કરી ભલામણ કરતા ઠરાવ સાથે કામ રજૂ થયેલ છે. જે પરત્વે કારોબારી સમિતિનાં ઠરાવ નં.૪૧ / તા.૨૧/૧૦/૧૪ થી સદર કામની ભલામણ કરેલ છે. તેથી પેટલાદ નગરપાલિકા સંચાલિત એન. કે. હાઇસ્કૂલમાં શાળાનાં બિલ્ડીગ નં.-૨ અને ૩ ની વચ્ચે નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી પાથ બનાવવા ઠરાવવામાં આવે છે. સદર કામે તૈયાર થઇ આવેલ રૂા.૫,૦૪,૧૨૧/- નાં અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. આ કામે થનાર તમામ ખર્ચ શાળાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા શાળાનાં આચાર્યશ્રી તથા પેટલાદ નગરપાલિકાનાં ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે. તેમજ સદર બાબતની તમામ જવાબદારી પણ શાળાનાં આચાર્યશ્રીની અને પેટલાદ નગરપાલિકાનાં ચીફ ઓફિસરશ્રીની રહેશે તેમ ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં.: ૫ :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન. કે. હાઇસ્કૂલમાં પૂર્વ દિશામાં આવેલ ટોઇલેટ બ્લોક પાછળની તળાવ તરફની તુટી ગયેલ કંપાઉન્ડવોલ રીપેરીગ કરાવવા અંગે રૂા.૭,૭૪,૧૮૦/- નોં અંદાજીત ખર્ચ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૭૬ / તા.૨૪/૧૨/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા, શ્રી મનિષભાઇ. આર. શાહનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન. કે. હાઇસ્કૂલમાં પૂર્વ દિશામાં આવેલ ટોઇલેટ બ્લોક પાછળની તળાવ તરફની તુટી ગયેલ કંપાઉન્ડવોલ રીપેરીગ કરાવવા અંગે રૂા.૭,૭૪,૧૮૦/- નો તૈયાર થઇ આવેલ અંદાજીત ખર્ચ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા સંચાલિત એન. કે. હાઇસ્કૂલમાં પૂર્વ દિશામાં આવેલ ટોઇલેટ બ્લોકની પાછળ તળાવ તરફની દિવાલ તુટી જવાથી તેનું રીપેરીગ કરાવવા બાબતે અગાઉ શાળા સમિતિએ ભલામણ કરતાં અત્રેની સામાન્ય સભામાં રજૂ કરતાં જે તે સમયે તે અંગેનાં અંદાજીત ખર્ચ સાથે વિગતવાર કામ રજૂ થયેલ ન હોવાથી ઠરાવ નં.૨૧ / તા.૧૭/૭/૧૪ થી ફક્ત સૈધ્ધાંત્તિક સ્વીકાર કરવામાં આવેલ હતો. જેથી શાળા સમિતિનાં ઠરાવ નં.૧૫ / ૨૦૧૪-૧૫ તા.૧૫/૧૦/૨૦૧૪ થી સદર કામનાં અંદાજો તૈયાર કરી ભલામણ કરતા ઠરાવ સાથે કામ રજૂ થયેલ છે. જે પરત્વે કારોબારી સમિતિનાં ઠરાવ નં.૪૨ / તા.૨૧/૧૦/૧૪ થી સદર કામની ભલામણ કરેલ છે. તેથી પેટલાદ નગરપાલિકા સંચાલિત એન. કે. હાઇસ્કૂલમાં પૂર્વ દિશામાં આવેલ ટોઇલેટ બ્લોકની પાછળ તળાવ તરફની તુટી ગયેલ દિવાલ નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી રીપેરીગ કરાવવા ઠરાવવામાં આવે છે. સદર કામે તૈયાર થઇ આવેલ રૂા.૭,૭૪,૧૮૦/- નાં અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. આ કામે થનાર તમામ ખર્ચ શાળાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા શાળાનાં આચાર્યશ્રી તથા પેટલાદ નગરપાલિકાનાં ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે. તેમજ સદર બાબતની તમામ જવાબદારી પણ શાળાનાં આચાર્યશ્રીની અને પેટલાદ નગરપાલિકાનાં ચીફ ઓફિસરશ્રીની રહેશે તેમ ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં.: ૬ :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં સ્ટ્રીટ લાઇટ વિભાગમાં ઉપયોગમાં લેવામાં આવતી એલ્યુમિનિયમ લેડર નવિન બનાવડાવી ટેમ્પીમાં ફીટ કરાવવા અંગે આવેલ કામ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૭૭ / તા.૨૪/૧૨/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા, શ્રી રમેશભાઇ. આર. રાણાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં સ્ટ્રીટ લાઇટ વિભાગમાં ઉપયોગમાં લેવામાં આવતી એલ્યુમિનિયમ લેડર નવિન બનાવડાવી ટેમ્પીમાં ફીટ કરાવવા અંગે આવેલ કામ વંચાણમાં લીધુ. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં સ્ટ્રીટ લાઇટ વિભાગ માટે ઉપયોગમાં લેવામાં આવતી એલ્યુમિનિયમ લેડર સને ૨૦૦૬ માં ૨૨ ફુટની ઊંચાઇવાળી એલ્યુમિનિયમ જી.સી.૧૦૦૦ મોડલની લેડર (નીસરણી) બજાજ રીક્ષા ટેમ્પી નં.જી.જે.-૨૩-ટી-૮૨૬૦ માં ફીટીગ કરાવેલ હતી. જેનાં વપરાશને કારણે હાલમાં બગડી ગયેલ છે અને તેનાં જોઇન્ટ હોલમાં પ્લે થઇ ગયેલ છે જેથી રીપેરીગ થઇ શકે તેમ નથી. તેથી તેનાંથી કોઇ અકસ્માત ન બને તેવા આશયથી તેને નવિન બનાવડાવી રીક્ષા ટેમ્પીમાં ફીટ કરાવવી આવશ્યક છે. તેથી પેટલાદ નગરપાલિકાનાં સ્ટ્રીટ લાઇટ વિભાગમાં ઉપયોગમાં લેવામાં આવતી એલ્યુમિનિયમ લેડર નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી નવિન બનાવડાવી રીક્ષા ટેમ્પીમાં ફીટીગ કરાવવા ઠરાવવામાં આવે છે. આ કામે થનાર રૂા. ૪૦,૦૦૦/- નો અંદાજીત ખર્ચ મંજુર કરવા ઠરાવવામાં આવે છે. તથા સદર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રી તથા મે. ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે. તેમજ સદર બાબતની તમામ જવાબદારી પણ રા.પ્રમુખશ્રીની અને મે. ચીફ ઓફિસરશ્રીની રહેશે તેમ ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં.: ૭ :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં સંતરામપુરા પંપીગ સ્ટેશન ખાતે અન્ડર ગ્રાઉન્ડ સમ્પ બનાવવાનાં કામે થયેલ અકસ્માત બાબતે આવેલ ચુકાદા અન્વયે અરજદારશ્રીને રૂા.૨,૨૫,૦૦૦/- નું વળતર ચૂકવવા અંગે આવેલ કામ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૭૮ / તા.૨૪/૧૨/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા, શ્રી રમેશભાઇ. આર. રાણાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં સંતરામપુરા પંપીગ સ્ટેશન ખાતે અન્ડર ગ્રાઉન્ડ સમ્પ બનાવવાનાં કામે થયેલ અકસ્માત બાબતે આવેલ ચુકાદા અન્વયે અરજદારશ્રીને રૂા.૨,૨૫,૦૦૦/- નું વળતર ચૂકવવા અંગે આવેલ કામ વંચાણમાં લીધુ. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં સંતરામપુરા પાસે સંસ્થા દ્વારા બનાવવામાં આવેલ નવિન ઓવરહેડ ટાંકીનાં અન્ડર ગ્રાઉન્ડ સમ્પ બનાવવાની કામગીરી દરમ્યાન આ વિસ્તારનાં શ્રી ડાહ્યાભાઇ છબાભાઇ નો પુત્ર પતંગ ચગાવતાં સમ્પમાં પડી જવાથી અકસ્માતે મૃત્યુ પામેલ હતો. જે બાબતે શ્રી ડાહ્યાભાઇ છબાભાઇએ નામદાર ડીસ્ટ્રીક્ટ કોર્ટમાં સ્પે.સી.એ. નં.૮૬/૨૦૦૬ (જુનો સ્પે.સી.એ. નં.૧૩૬/૨૦૦૨) થી અપીલ દાખલ કરવામાં આવી હતી. જે બાબતે તા.૦૮/૦૭/૨૦૧૪ નાં રોજથી પેટલાદ નગરપાલિકા વિરુધ્ધ આવેલ ચુકાદા આધારે તેઓને વળતરની રકમ રૂા.૨,૨૫,૦૦૦/- નગરપાલિકાએ ચૂકવવાની થાય છે. તે અન્વયે અરજદાર શ્રી ડાહ્યાભાઇ છબાભાઇ ને વળતરની રકમ રૂા.૨,૨૫,૦૦૦/- ચૂકવવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને તથા ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં.: ૮ :** સુવર્ણ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના U.D.P.-56 હેઠળ પેટલાદ નગરપાલિકાને ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી બચત રહેતી રકમમાંથી કામ સાથે સામેલ યાદી મુજબનાં વિકાસનાં કામો હાથ ધરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૭૯ / તા.૨૪/૧૨/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ નયનાબેન. આર. પટેલ, શ્રી ગોવિંદભાઇ. આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

સુવર્ણ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના U.D.P. - 56 હેઠળ પેટલાદ નગરપાલિકાને ફાળવેલ ગ્રાન્ટની બચત રહેતી રકમમાંથી કામ સાથે સામેલ યાદી મુજબનાં વિકાસનાં કામો હાથ ધરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રી દ્વારા સુવર્ણ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ U.D.P. - 56 અંતર્ગત ટીએએસપી સદર હેઠળ રૂા.૦.૦૪ કરોડ તથા સામાન્ય સદર હેઠળ રૂા.૧.૨૧ કરોડની ગ્રાન્ટની રકમો પેટલાદ નગરપાલિકાને ફાળવેલ હતી. જેમાંથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં સામાન્ય સદર હેઠળનાં કુલ રૂા. ૧,૦૭,૯૯,૬૦૦/- ની રકમનાં કામો અગાઉ અત્રેની સામાન્ય સભાનાં ઠરાવ નં.૧૬/ તા.૧૭/૦૭/૨૦૧૪ થી મંજુર થયેલ છે. તેથી સામાન્ય સદર હેઠળની બચત રહેલ રૂા.૧૩,૦૦,૪૦૦/- ની રકમમાંથી નીચે જણાવેલ કામો હાથ ધરવા ઠરાવવામાં આવે છે.

| ક્રમ | કામની વિગત | અંદાજીત ખર્ચની રકમ |
|---|---|---|
| ૧ | ખોડિયારમાતા વાઘરીવાસનો મુખ્ય રસ્તો સી.સી. રોડ બનાવવાનું કામ. | રૂા. ૨,૪૪,૨૦૭=૦૦. |
| ૨ | ખોડિયાર વાઘરીવાસ પાસે પંપીગ સ્ટેશન પાસે જાહેર શૌચાલય તથા મૂતરડી બનાવવાનુ. કામ. | રૂા. ૧,૨૯,૧૯૦=૦૦. |
| ૩ | જવાહર શેરી ખોડિયારમાતાનાં મંદિરવાળો ખાંચો સી.સી. | રૂા. ૭૮,૦૦૬=૦૦. |
| ૪ | કિશોર પારેખની પોળમાં સી.સી. રોડ. | રૂા. ૬૪,૫૨૧=૦૦. |
| ૫ | નાના પંડયાની પોળમાં બાકી સી.સી. | રૂા. ૨,૮૩,૨૭૭=૦૦. |
| ૬ | ગારીયા મસ્જીદ પાછળ સી.સી.રોડ. | રૂા. ૪,૧૪,૩૦૯=૦૦. |
| ૭ | ચોક્સી બજાર જૈન દેરાસર વિસ્તારમાં સી.સી. રોડ. | રૂા. ૮૫,૨૩૮=૦૦. |
| | કુલ :- | રૂા. ૧૨,૯૮,૭૪૮=૦૦. |

આમ, ઉપર જણાવેલ કામો સુવર્ણ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ U.D.P. - 56 અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટની બચત રહેલ રકમમાંથી નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી વિકાસનાં કામો કરવા ઠરાવવામાં આવે છે. ઉપરોક્ત જણાવેલ કામો સામે દર્શાવેલ અંદાજીત ખર્ચની રકમો મળી કુલ રકમ રૂા. ૧૨,૯૮,૭૪૮=૦૦ નાં અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને તથા ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે. તેમજ આ અંગેની તમામ જવાબદારી પણ રા.પ્રમુખશ્રીની અને ચીફ ઓફિસરશ્રીની રહેશે તેમ ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં.: ૯ :** પેટલાદ નગરપાલિકાને જિલ્લા આયોજન કચેરી દ્વારા વિવેકાધિન જોગવાઇ હેઠળની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી બચત રહેલ રકમમાંથી કામ સાથે સામેલ યાદી મુજબનાં વિકાસનાં કામો હાથ ધરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૮૦ / તા.૨૪/૧૨/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ નયનાબેન. આર. પટેલ, શ્રી મનુભાઇ. આર. કાછીઆનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાને જિલ્લા આયોજન કચેરી દ્વારા વિવેકાધિન જોગવાઇ હેઠળની ફાળવેલ ગ્રાન્ટની બચત રહેલ રકમમાંથી કામ સાથે સામેલ યાદી મુજબનાં વિકાસનાં કામો હાથ ધરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીનાં જિલ્લા આયોજન કચેરી દ્વારા વિવેકાધિન જોગવાઇ હેઠળની રૂા.૨૫.૦૦ લાખની ગ્રાન્ટની રકમની ફાળવણી કરવામાં આવેલ હતી. જેમાંથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં વિકાસનાં કુલ રૂા. ૧૮,૩૫,૯૮૬/- ની રકમનાં કામો અગાઉ અત્રેની સામાન્ય સભાનાં ઠરાવ નં.૨૪/ તા.૧૭/૦૭/૨૦૧૪ થી મંજુર થયેલ છે. તેથી સદર ગ્રાન્ટની બચત રહેલ રૂા.૬,૬૪,૦૧૪/- ની રકમમાંથી નીચે જણાવેલ કામો હાથ ધરવા ઠરાવવામાં આવે છે.

| ક્રમ | કામની વિગત | અંદાજીત ખર્ચની રકમ |
|---|---|---|
| ૧ | સંતરામપુરાની ચાલી પાસે આવેલ જુના શૌચાલયની જગ્યાએ નવિન શૌચાલય બનાવવાનું કામ. | રૂા. ૩,૩૭,૬૬૭=૦૦. |
| ૨ | અશોક સોસાયટી પાસે આવેલ નવિનભાઇ મગનભાઇનાં ઘર તરફ જવાનો રસ્તો સી.સી. બનાવવાનું કામ. | રૂા. ૮૧,૬૧૦=૦૦. |
| ૩ | લીમડી શેરીમાં બાકી રહેલ સી.સી. | રૂા. ૨,૧૮,૬૫૪=૦૦. |
| | કુલ :- | રૂા. ૬,૩૭,૯૩૧=૦૦. |

આમ, ઉપર જણાવેલ કામો જિલ્લા આયોજન કચેરી, આણંદ દ્વારા પેટલાદ નગરપાલિકાને ફાળવેલ ગ્રાન્ટની બચત રહેતી રકમમાંથી નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી વિકાસનાં કામો કરવા ઠરાવવામાં આવે છે. ઉપરોક્ત જણાવેલ કામો સામે દર્શાવેલ અંદાજીત ખર્ચની રકમો મળી કુલ રકમ રૂા. ૬,૩૭,૯૩૧=૦૦ નાં અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને તથા ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે. તેમજ આ અંગેની તમામ જવાબદારી પણ રા.પ્રમુખશ્રીની અને ચીફ ઓફિસરશ્રીની રહેશે તેમ ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં.: ૧૦:** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં કર્મચારીઓનો માહે ઓક્ટોબરનો પગાર દિવાળીનાં તહેવારને અનુલક્ષીને માહે ઓક્ટોબરમાં કરવા બાબતે કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૮૧ / તા.૨૪/૧૨/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા, શ્રી જીજ્ઞેશકુમાર. એ. જોષીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં કાયમી કર્મચારીઓનો માહે ઓક્ટોબર-૧૪ નાં માસનો પગાર દિવાળીનાં તહેવારને અનુલક્ષીને માહે ઓક્ટોબર માસમાં જ કરવા અંગે કર્મચારીઓએ તા.૨૧/૧૦/૨૦૧૪ નાં રોજથી માંગણી કરતી અરજી કરવામાં આવેલ હતી. સદર બાબતે સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાની કારોબારી સમિતિનાં ઠરાવ નં.૪૭ /તા.૨૧/૧૦/૨૦૧૪ થી દિવાળીનાં પવિત્ર તહેવારને અનુલક્ષીને માહે ઓક્ટોબર-૧૪ માસનો પગાર માહે ઓક્ટોબર-૧૪ માસમાં તહેવાર શરૂ થતાં પહેલાં એડવાન્સ પગાર કરવા સામાન્ય સભાને ભલામણ કરતો ઠરાવ કરેલ હતો. તે આધારે આ પગાર કરવા રા.પ્રમુખશ્રીએ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી, હુકમ તથા પગાર ખર્ચને બહાલી આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં.: ૧૧:** પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં દેવકુવા પંપીગ સ્ટેશનનાં પંપ સેટ નં ૧ બગડી જવાથી તેનું રીપેરીગ કરાવવા અંગે રા.પ્રમુખશ્રીએ સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૮૨ / તા.૨૪/૧૨/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રી જીજ્ઞેશકુમાર. એ. જોષી, શ્રી મનુભાઇ. આર. કાછીઆનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજના વિભાગનાં દેવકુવા મુખ્ય પંપીગ સ્ટેશન ખાતે હાલમાં એક જ પંપ સેટ નં.-૧ કાર્યરત છે. જેનાં સતત વપરાશને કારણે તા. ૦૪/૧૦/૨૦૧૪ નાં રોજથી ચાલુ કામગીરી દરમ્યાન એકાએક બંધ થઇ ગયેલ હતો. જેથી શહેરની ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી ખોરવાઇ ન જાય તેવા આશયથી તેનું તાત્કાલિક રીપેરીગ કરાવવું આવશ્યક હતું તેથી સદર પંપ આવી કામગીરી કરાવવાનાં સને ૨૦૧૪-૧૫ નાં મંજુર થયેલ વાર્ષિક ધોરણનાં ભાવથી પંપ રીપેરીગ કરાવવા રા.પ્રમુખશ્રીએ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી, તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. તથા તે અંગેનાં રૂા.૧,૧૧,૯૧૫/- નાં ખર્ચને મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં.: ૧૨:** પેટલાદ નગરપાલિકાની એમ્બ્યુલન્સ વાનની બેટરી બગડી જવાથી નવિન બેટરી નંખાવવા અંગે રા.પ્રમુખશ્રીએ સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ હુકમ તથા કાર્યવાહીને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૮૩ / તા.૨૪/૧૨/૧૪**

મ્યુનિ. સભ્ય શ્રી જીજ્ઞેશકુમાર. એ. જોષી, શ્રી મનિષભાઇ. આર. શાહનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકામાં ઉપયોગમાં લેવામાં આવતી એમ્બ્યુલન્સ વાન નં.જી.જે.-૨૩-ટી-૮૯૦૯ સરકારશ્રી દ્વારા સને ૨૦૦૬ માં ફાળવેલ હતી. જેનાં વપરાશને કારણે હાલમાં તેની બેટરી બગડી ગયેલ હતી. જેથી વાહન ચાલુ થઇ શકે તેમ ન હતું. સદર વાહન આવશ્યક સેવાઓ માટે હોઇ આ સેવાઓ ખોરવાઇ ન જાય તેવા આશયથી તેનું રીપેરીગ કરાવવું જરૂરી હતું પરંતુ આ બેટરી રીપેરીગ થઇ શકે તેમ ન હોઇ આવી બેટરી બનાવતી કંપનીનાં ઓથોરાઇઝ્ડ ડીલર પાસેથી નવિન બેટરી ખરીદ કરવા અંગે રા.પ્રમુખશ્રીએ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. તથા સદર કામનાં રૂા.૧૮,૨૦૦/- નાં ખર્ચને મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

* જરૂરી વિષય તરીકેનાં કામ :-

**કામ નં.: ૧:** મ્યુનિ. સભ્ય શ્રીમતિ સાબેરાબાનુ. એચ. મલેક, શ્રી નિરંજનભાઇ. પી. પટેલ, શ્રીમતિ ફરજાનાબીબી. એમ. પઠાણ, શ્રીમતિ કમળાબેન. જી. તળપદા તથા શ્રી અસ્લમબેગ. એ. મિરઝાનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૮૪ / તા.૨૪/૧૨/૧૪**

સર્વાનુમતે ઠરાવ કર્યો કે,મ્યુનિ. સભ્ય શ્રીમતિ સાબેરાબાનુ. એચ. મલેક, શ્રી નિરંજનભાઇ. પી. પટેલ, શ્રીમતિ ફરજાનાબીબી. એમ. પઠાણ, શ્રીમતિ કમળાબેન. જી. તળપદા તથા શ્રી અસ્લમબેગ. એ. મિરઝાનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લેતાં તેને મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

સહી /-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

ઉપર જણાવ્યા મુજબનાં કામો પૂર્ણ કરી તે સિવાય અન્ય કોઇ કામ ન હોવાથી રા.અધ્યક્ષશ્રીએ આજની સામાન્ય સભામાં ઉપસ્થિત સર્વે સભ્યશ્રીઓનો આભાર માની આજની બેઠકની કાર્યવાહી પૂર્ણ થયા અંગેની જાહેરાત કરી.

સહી /-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

*** જરૂરી વિષય તરીકેનું કામ :-**

(૧) મ્યુનિ. સભ્ય શ્રી સરફરાજઅલી. એમ. શેખ, શ્રીમતિ નિકીતાબેન. પી. તળપદા, શ્રીમતિ ફરજાનાબીબી. એમ. પઠાણ, શ્રીમતિ કમળાબેન. જી. તળપદા, શ્રી ચંદ્રેશકુમાર. આર. જૈન, શ્રીમતિ સાબેરાબાનુ. એચ. મલેક, શ્રીમતિ રફીકનબીબી. એસ. મલેક તથા શ્રી નિરંજનભાઇ. પી. પટેલનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

ઉપર જણાવ્યા મુજબનાં જરૂરી વિષય તરીકેનું કામ વંચાણમાં લેતાં તેને સર્વાનુમતે ગ્રાહ્ય રાખવામાં આવ્યું.

ત્યારબાદ આજની ખાસ સામાન્ય સભાનાં એજન્ડા ઉપરનાં કામ તેની કાર્યસૂચિનાં ક્રમાનુસાર હાથ ધરવા રા. અધ્યક્ષશ્રીએ આદેશ કર્યો.

**કામ નં.: ૧ :** પેટલાદ નગરપાલિકાની હદમાં ફેરફાર કરવા બાબતે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર તરફથી આવેલ પત્ર વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૮૫ / તા.૦૩/૨/૧૫**

મ્યુનિ. સભ્ય શ્રી મનિષભાઇ. આર. શાહ, શ્રી મનુભાઇ. આર. કાછીઆનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાની હદમાં ફેરફાર કરવા અંગે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો આવેલ પત્ર તથા સદર બાબતનો આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં નગરપાલિકાની હદની બહાર કેટલાંક વિસ્તારોનો વિકાસ થયેલ છે પરંતુ આ વિસ્તારોમાં કોઇ સ્થાનિક સ્વરાજયની સંસ્થા નથી. તેમજ આવા વિસ્તારો શહેરી કે ગ્રામ્ય સ્થાનિક સ્વરાજયની સંસ્થાનો ભાગ નથી. તેનાં કારણે આવા વિસ્તારમાં રહેતાં લોકોને નગરપાલિકાની હદમાં રહેતાં લોકોને જે મૂળભુત અને પાયાની જરૂરિયાતો પુરી પાડવામાં આવે છે તેવી સુવિધાઓથી વંચિત રહી જાય છે. સાથોસાથ નગરપાલિકામાં સમાવેશ ન થવાથી તેઓને નગરપાલિકામાં કોઇ પ્રતિનિધિત્વ મળતું નથી. આવા નગરપાલિકાની હદની તરત બહાર વિકાસ પામેલ વિસ્તારોને નજીકની નગરપાલિકામાં મેળવી શકાય તેમ છે. તથા નગરપાલિકા વિસ્તારમાં ભેળવવાથી આવા વિસ્તારોને નગરપાલિકાની પાયાની સુવિધાઓ મળે અને સુવિધાઓ સામે નગરપાલિકાની આવક પણ વધે તેમ છે.

સદર બાબતે સરકારશ્રીનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર કચેરીનાં પત્ર ક્રમાંકઃ નપલ-૪૫૧૪-૪૬૬૮-મ. તા. ૮/૯/૧૪ થી પત્ર પાઠવી આજ્ઞાનુસાર જણાવેલ છે. આ બાબતે જરૂરી કાર્યવાહી કરવા સરકારશ્રીનાં મે.નગરપાલિકા નિયામકશ્રી, ગાંધીનગર કચેરીનાં પત્ર ક્રમાંકઃ નપાનિ / સંકલન / પરચ / વશી / ૧૭૩૧ / ૨૦૧૪. તા.૧૩/૧૦/૨૦૧૪ થી પત્ર પાઠવી પણ જણાવેલ છે.

જેથી પેટલાદ નગરપાલિકાની હયાત ભૌગોલિક હદમાં વર્ષ ૨૦૧૧ ની વસ્તી ગણતરીનાં આંકડાઓ પ્રમાણે કામ સાથે સામેલ રાખેલ નકશામાં પેટલાદ નગરપાલિકા હદની લગોલગ આવેલ અને પીળા રંગથી દર્શાવેલ આવા આઉટ ગ્રોથ (ઓ.જી.) વિસ્તારો કે જે પેટલાદ કસ્બા હદનો વધારાના વિસ્તાર તરીકે ઓળખાય છે. તથા આ વિસ્તારનાં રહીશોને પેટલાદની વસ્તી ગણતરીમાં આવરી લેવામાં આવે છે જેથી આવા પેટલાદનાં રેવન્યુ વિસ્તારનાં આઉટ ગ્રોથ વિસ્તાર પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં સમાવવા યોગ્ય જણાય છે. આ અંગે આગળની જરૂરી કાર્યવાહી અર્થે વર્ષ ૨૦૧૧ ની વસ્તી ગણતરીને ધ્યાને લઇ નગરપાલિકામાં સમાવવા પાત્ર વિસ્તારોનાં નામ, સર્વે નંબર, નકશા વિગેરે તૈયાર કરી નગરપાલિકાની હદમાં વધારો કરવા અભિપ્રાય છે અને વિધિસરની દરખાસ્ત સરકારશ્રીનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર ખાતે કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને તથા મે. ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી /-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

* **જરૂરી વિષય તરીકેનાં કામ** :-

**કામ નં.: ૧:** મ્યુનિ. સભ્ય શ્રી સરફરાજઅલી. એમ. શેખ, શ્રીમતિ નિકીતાબેન. પી. તળપદા, શ્રીમતિ ફરજાનાબીબી. એમ. પઠાણ, શ્રીમતિ કમળાબેન. જી. તળપદા, શ્રી ચંદ્રેશકુમાર. આર. જૈન, શ્રીમતિ સાબેરાબાનુ. એચ. મલેક, શ્રીમતિ રફીકનબીબી. એસ. મલેક તથા શ્રી નિરંજનભાઇ. પી. પટેલનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૮૬ / તા.૦૩/૨/૧૫**

સર્વાનુમતે ઠરાવ કર્યો કે,મ્યુનિ. સભ્ય શ્રી સરફરાજઅલી. એમ. શેખ, શ્રીમતિ નિકીતાબેન. પી. તળપદા, શ્રીમતિ ફરજાનાબીબી. એમ. પઠાણ, શ્રીમતિ કમળાબેન. જી. તળપદા, શ્રી ચંદ્રેશકુમાર. આર. જૈન, શ્રીમતિ સાબેરાબાનુ. એચ. મલેક, શ્રીમતિ રફીકનબીબી. એસ. મલેક તથા શ્રી નિરંજનભાઇ. પી. પટેલનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લેતાં તેને મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

સહી /-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

ઉપર જણાવ્યા મુજબનાં કામો પૂર્ણ કરી તે સિવાય અન્ય કોઇ કામ ન હોવાથી આજની ખાસ સામાન્ય સભામાં ઉપસ્થિત સર્વે સભ્યશ્રીઓનો આભાર માની આજની બેઠકની કાર્યવાહી પૂર્ણ થયા અંગેની રા. અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી.

સહી /-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

* <u>જરૂરી વિષય તરીકેનાં કામ</u> :-

(૧) મ્યુનિ. સભ્ય શ્રી ગોપાલભાઇ. એમ. ગાંધી, શ્રી સરફરાજઅલી. એમ. શેખ, શ્રીમતિ સાબેરાબાનુ. એચ. મલેક, શ્રી નિરંજનભાઇ. પી. પટેલ, શ્રીમતિ ફરજાનાબીબી. એમ. પઠાણ, શ્રીમતિ રફીકનબીબી. એસ. મલેક, શ્રીમતિ કમળાબેન. જી. તળપદા તથા શ્રી અસ્લમબેગ. એ. મિરઝાનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

ઉપર જણાવ્યા મુજબનાં જરૂરી વિષય તરીકેનાં કામની યાદી વંચાણમાં લેતાં તેને સર્વાનુમતે ગ્રાહ્ય રાખવામાં આવ્યાં.

ત્યારબાદ આજની સામાન્ય સભાનાં એજન્ડા ઉપરનાં કામો તેનાં ક્રમાનુસાર હાથ ધરવા રા.અધ્યક્ષશ્રીએ આદેશ કર્યો.

**કામ નં.: ૧ :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે ઓક્ટોબર – ૧૪ થી માહે ડિસેમ્બર - ૧૪ સુધીનો ત્રિમાસિક હિસાબ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૮૭ / તા.૨/૩/૧૫**

મ્યુનિ. સભ્ય શ્રી મનિષભાઇ. આર. શાહ, શ્રી જીજ્ઞેશભાઇ. એ. જોષીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી તૈયાર થઇ આવેલ માહે ઓક્ટોબર – ૧૪ થી માહે ડિસેમ્બર - ૧૪ સુધીનો ત્રિમાસિક હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી તૈયાર થઇ આવેલ માહે ઓક્ટોબર – ૧૪ થી માહે ડિસેમ્બર - ૧૪ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આ સ્ટેજે મ્યુનિ. સભ્ય શ્રી ઇમદાદઅલી. જે. સૈયદ, શ્રી ચંદ્રેશકુમાર. આર. જૈન, શ્રી ભરતસિંહ. એચ. ચૌહાણ તથા શ્રી મણિભાઇ. પી. મકવાણાનાં ટેકાથી સુધારા દરખાસ્ત રજૂ કરે છે કે;

ગુજરાત નગરપાલીકા અધિનીયમ કલમ ૫૧ મુજબ નગરપાલીકાની બેઠકો કયારે કયારે બોલાવવી અને તેમાં જણાવેલ જોગવાઇઓનું પાલન કરવું તે સંદર્ભે આજની સામાન્ય સભાનાં કામ નં ૧ જે સૂચિ પત્રક પ્રમાણે મોકલેલ છે તેકામ નં. ૧ કલમ ૫૧ મુજબ મુકાયેલ નથી.કલમ-૫૧ મુજબ જે કાયદામાં જોગવાઇ પ્રમાણે દર વર્ષે અનુક્રમે જાન્યુઆરી, એપ્રીલ, જુલાઇ અને ઓક્ટોબર મહિનામાં ચાર રાબેતા મુજબ સામાન્ય બેઠકો ભરવામાં આવશે. સદર કામ જાન્યુઆરી ૨૦૧૫ માં મુકવાની જોગાવઇ હોવા છતાં માર્ચ ૨૦૧૫ માં મુકવાના શું કારણો હોઇ શકે?સદર બાબતે અગાઉની સામાન્ય સભાઓમાં પણ અનેકવાર મૌખીક તથા લેખીત સુધારો આપેલ હોવાં છતાં પેટલાદ નગરપાલીકા કાયદાની જોગવાઇઓનું પાલન કરતાં આવેલ ન હોય, પોતાની મનસ્વી રીતે કાયદામાં ઠરાવેલ જોગવાઇઓનું ઉલ્લંઘન કરી પ્રમુખશ્રીએ પોતાની મર્યાદાનું પાલન કરેલ નથી.જેથી સદર કામ નં. ૧ ના ઠરાવ ઉપર અમો નામંજુર કરતો ઠરાવ કરીએ છીએ.

તેરમાં નાણાંપંચની ગ્રાન્ટ તા.૧૪/૮/૨૦૧૪ના રોજ ૪૭,૪૮,૯૧૪ રૂા.તથા તા.૧૩/૩/૨૦૧૪ ના રોજ ૪૬,૪૬,૮૬૨રૂા.(કુલ ૯૩,૯૫,૭૮૦રૂા.)ની ગ્રાન્ટ આવેલી.તે પૈકી ફક્ત ૬,૦૧,૭૫૦ રૂા. નો ઠરાવ કરેલો છે.અને ૮૭,૯૪,૦૩૦ રૂા.ની બચેલી રકમનો આજદીન સુધી કોઇ કામોનુ આયોજન કરેલ ન હોવાના શું કારણો છે?સદર ગ્રાન્ટ પછીની આવેલ ગ્રાન્ટનાં કામોનું આયોજન કરેલ હોય પરંતુ સદર ગ્રાન્ટનો એક વર્ષ જેટલો સમય વીતી ગયા હોવા છતાં કોઇપણ કામોનું આયોજન કરેલ ન હોય પેટલાદ નગરપાલીકાનું વિકાસનાં કામો પ્રત્યે કોઇ જ ધ્યાન રાખવામાં આવતું નથી તે સદર બાબતથી સ્પષ્ટ જણાઇ આવે છે.

ઉપર જણાવ્યા અનુસાર રજૂ કરવામાં આવેલ દરખાસ્ત તથા સુધારા દરખાસ્ત પરત્વે જરૂરી ચર્ચા-વિચારણા કરવામાં આવી. પર્યાપ્ત ચર્ચા-વિચારણાનાં અંતે રા.અધ્યક્ષશ્રીએ મતદાન લઇ નિર્ણય કરવા આદેશ કર્યો. રા.અધ્યક્ષશ્રીનાં આદેશાનુસાર મતદાન લેતાં નિયમ મુજબ સૌપ્રથમ મતદાન આવેલ સુધારા દરખાસ્ત ઉપર મતદાન લેવું પડે. જેથી રજૂ થયેલ સુધારા દરખાસ્ત ઉપર મતદાન લેતાં નીચે જણાવ્યા મુજબ મતદાન થાય છે.

| સુધારાની તરફેણમાં | સુધારાની વિરુધ્ધમાં | તટસ્થ |
|---|---|---|
| ૧. શ્રી ઇમદાદઅલી.જે.સૈયદ | ૧. શ્રીમતિ મિનાક્ષીબેન.એમ.રાઠોડ. | નથી |
| ૨. શ્રી ચંદ્રેશકુમાર.આર.જૈન. | ૨. શ્રી વિઠ્ઠલભાઇ.આર.પટેલ. | |

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

૧). અહીં દર્શાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

૩. શ્રી ગુલામદસ્તગીર.એન.વહોરા.
૪. શ્રી ભરતસિંહ.એચ.ચૌહાણ.
૫. શ્રી મણિભાઇ.પી.મકવાણા.

કુલઃ ૦૫ (પાંચ) મત

૩. શ્રીમતિ નયનાબેન. આર. પટેલ.
૪. શ્રી સોમાભાઇ.કે.પરમાર.
૫. શ્રી ઘનશ્યામભાઇ. સી. પટેલ.
૬. શ્રી પ્રવિણભાઇ.એમ.વસાવા
૭. શ્રી રમેશભાઇ. આર. રાણા.
૮. શ્રીમતિ દિપાલીબેન.એચ.શાહ.
૯. શ્રી કેતનકુમાર.સી.ગાંધી.
૧૦. શ્રી જીજ્ઞેશકુમાર.એ.જોષી.
૧૧. શ્રીમતિ ગીતાબેન. એ. પટેલ.
૧૨. શ્રી જયેશભાઇ. કે. પટેલ.
૧૩. શ્રીમતિ રમીલાબેન.આર.તળપદા.
૧૪. શ્રી મુઝફ્ફરઅલી.એચ.સૈયદ.
૧૫. શ્રીમતિ જયશ્રીબેન. એ. ત્રિવેદી.
૧૬. શ્રી મનિષભાઇ.આર.શાહ.
૧૭. શ્રી મનુભાઇ.આર.કાછીઆ.
૧૮. શ્રીમતિ નીદાબાનુ વિ. મિરઝાં.
૧૯. શ્રી આસિફહુસેન.એ.ઠાકોર.
૨૦. શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા.

કુલઃ ૨૦ (વીસ) મત

ત્યારબાદ રજૂ થયેલ મૂળ દરખાસ્ત ઉપર મતદાન લેતાં નીચે જણાવ્યા મુજબ મતદાન થાય છે.

| દરખાસ્તની તરફેણમાં | દરખાસ્તની વિરુધ્ધમાં | તટસ્થ |
|---|---|---|
| ૧. શ્રીમતિ મિનાક્ષીબેન.એમ.રાઠોડ. | ૧. શ્રી ઇમદાદઅલી.જે.સૈયદ.. | નથી |
| ૨. શ્રી વિઠ્ઠલભાઇ.આર.પટેલ. | ૨. શ્રી ચંદ્રેશકુમાર.આર.જૈન. | |
| ૩. શ્રીમતિ નયનાબેન. આર. પટેલ. | ૩. શ્રી ગુલામદસ્તગીર.એન.વહોરા. | |
| ૪. શ્રી સોમાભાઇ. કે. પરમાર. | ૪. શ્રી ભરતસિંહ.એચ.ચૌહાણ. | |
| ૫. શ્રી ઘનશ્યામભાઇ. સી. પટેલ. | ૫. શ્રી મણિભાઇ.પી.મકવાણા. | |
| ૬. શ્રી પ્રવિણભાઇ. એમ. વસાવા. | કુલઃ ૦૫ (પાંચ) મત | |
| ૭. શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા. | | |
| ૮. શ્રી રમેશભાઇ. આર. રાણા. | | |
| ૯. શ્રીમતિ દિપાલીબેન.એચ.શાહ. | | |
| ૧૦.શ્રી કેતનકુમાર.સી.ગાંધી. | | |
| ૧૧.શ્રી જીજ્ઞેશકુમાર.એ.જોષી. | | |
| ૧૨.શ્રીમતિ ગીતાબેન. એ. પટેલ. | | |
| ૧૩.શ્રી જયેશભાઇ. કે. પટેલ. | | |
| ૧૪.શ્રી મુઝફ્ફરઅલી.એચ.સૈયદ | | |
| ૧૫.શ્રીમતિ જયશ્રીબેન. એ. ત્રિવેદી. | | |
| ૧૬.શ્રી મનિષભાઇ.આર.શાહ. | | |
| ૧૭.શ્રીમતિ રમીલાબેન.આર.તળપદા. | | |
| ૧૮.શ્રી મનુભાઇ.આર.કાછીઆ. | | |
| ૧૯.શ્રીમતિ નીદાબાનુ વિ. મિરઝાં. | | |
| ૨૦.શ્રી આસિફહુસેન.એ.ઠાકોર. | | |

નોધ:-

૧). અહીં દર્શાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**નોધ:-**

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

કુલઃ ૨૦ (વીસ) મત

આમ, રજૂ થયેલ દરખાસ્ત તથા સુધારા દરખાસ્ત ઉપર થયેલ મતદાન જોતાં દરખાસ્તની તરફેણમાં વધારે મતો નોંધાયેલાં છે.

આથી, આવેલ દરખાસ્ત વધુ મતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

આ સ્ટેજે મ્યુનિ. સભ્ય શ્રી આસિફહુસેન. એ. ઠાકોરે મૌખિક રીતે જણાવ્યું કે, આજની બેઠકનાં એજન્ડા ઉપરનાં કામ નં.૧ કે જે પેટલાદ નગરપાલિકાનાં માહે ઓક્ટોબર-૧૪ થી માહે ડિસેમ્બર -૧૪ અંતિત ત્રિમાસિક હિસાબ રજૂ ચયેલ છે. જેમાં નંબર વગરની કચરા પેટીનાં રીપેરીગ પાછળ થયેલ ખર્ચ, વ્યક્તિગત શૌચાલય યોજના અંતર્ગત ખર્ચ થયેલ છે જે યોજનાની શહેરમાં બહોળી પ્રસિધ્ધિ કરવી, સંસ્થાનાં કર્મચારીઓની હાજરી, રજાનાં રીપોર્ટ, સર્વિસ બુકની અધૂરી નોંધો, સંસ્થા દ્વારા ફાળવેલ મોબાઇલ પાછળ મર્યાદા કરતાં થયેલ વધારાનાં ખર્ચની રીકવરી, સી.ઓ. નાં પેન્શનનો ખર્ચ, જરૂર ઉપરાંત સાધન-સામગ્રીની વધુ ખરીદી, બેનર ખર્ચ, ટ્રેક્ટર લાઇનીગ ખર્ચ, નવિન ટ્રેક્ટર ખરીદી ખર્ચ, નવિન મેલા ટાંકી ખરીદી ખર્ચ વિગેરે જેવા જુદા જુદા મુદ્દાઓની અનિયમિતતા અંગે વિગતવાર ચર્ચા કરી અને જરૂરી તપાસ આદરી ઘટતી કાર્યવાહી કરવા તથા જવાબદાર પાસેથી રીકવરી કરવી તેમ રજૂઆત કરવામાં આવી. અને આ અંગેની નોંધ લેવા જણાવ્યું. જેની નોંધ લેવામાં આવી.

**નોધ:-**

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં.: ૨ :** શાળા સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે.હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે ઓક્ટોબર - ૧૪ થી માહે ડિસેમ્બર - ૧૪ સુધીનો ત્રિમાસિક હિસાબ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૮૮/ તા.૨/૩/૧૫**

મ્યુનિ. સભ્ય શ્રી મનિષભાઇ. આર. શાહ, શ્રી જીજ્ઞેશભાઇ. એ. જોષીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

શાળા સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન. કે. હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે ઓક્ટોબર – ૧૪ થી માહે ડિસેમ્બર - ૧૪ સુધીનો ત્રિમાસિક હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા સંચાલિત એન. કે. હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે ઓક્ટોબર – ૧૪ થી માહે ડિસેમ્બર - ૧૪ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. રાઠોડ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં.: ૩ :** પેટલાદ નગરપાલિકાનાં કાઉન્સીલરશ્રી આસિફહુસેન. એ. ઠાકોર તથા શ્રી મુઝફફરઅલી. એચ. સૈયદે તા.૨૧-૧૧-૨૦૧૪ થી રજૂ કરેલ દરખાસ્ત વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૮૯/ તા.૨/૩/૧૫**

મ્યુનિ. સભ્ય શ્રી આસિફહુસેન. એ. ઠાકોર, શ્રી મુઝફફરઅલી. એચ. સૈયદનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકામાં મહેકમ વિભાગમાં વર્ષોથી યોગ્ય પ્રક્રિયા કરી ખાલી પડેલા હોદ્દાઓ ઉપર નિમણૂંકો આપવામાં નહિં આવતાં અન્ય કર્મચારીઓ ઉપર તેઓ કર્મચારીઓની શક્તિ ઉપરાંતનાં હોદ્દાઓનો ચાર્જ આપી કામગીરી કરાવવામાં આવે છે. જેથી કર્મચારી ઉપર કામનો બોજો વધવાથી કર્મચારી યોગ્ય અને કાર્યક્ષમ રીતે પોતાની ફરજ બજાવી શકતા નથી.

પેટલાદ નગરપાલિકામાં પણ આવાજ એક કર્મચારી જેઓનું નામ વિકેશભાઇ. એફ. પટેલ છે. જેઓ હાલ પેટલાદ નગરપાલિકામાં તેઓનાં મૂળ હોદ્દા સિવાય વધારાનાં હોદ્દારૂપે ઇન્ચાર્જ ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ અને ઇન્ચાર્જ ચીફ સેનેટરી ઇન્સ્પેક્ટરનો વધારાનો ચાર્જ સંભાળે છે. શ્રી વિકેશભાઇ. એફ. પટેલને બે વખત મગજનાં ટયુમરનો ઓપરેશન કરાવેલ હોઇ શારીરિક પરિસ્થિતિ પણ યોગ્ય ન હોવાનું જણાઇ આવે છે. જેથી તેઓને અપાયેલ વધારાનાં કાર્યબોજને લીધે અન્ય કર્મચારીઓમાં જોહુકમી જેવું વાતાવરણ ઉભું થયેલ છે અને સંચાલનને અભાવ વર્તાય છે.

ઉપરાંત શ્રી વિકેશભાઇ. એફ. પટેલનું મ્યુ. સભ્યો તરફ પણ યોગ્ય અને શિસ્તપૂર્ણ વર્તન જળવાતું નથી. એવું પણ જાણવા મળેલ છે કે કોઇ સભ્ય કે નાગરીક પોતાનાં વિસ્તારનાં કામો કે પ્રશ્નો અથવા માહિતી માગે ત્યારે તેઓશ્રી કહે છે કે "અમોને ઉપરથી આદેશ નથી" આવા ઉધ્ધત જવાબ વિશે જો પુછાય તો કહે છે કે "એ તમારે તપાસ કરી લેવાની" આ રીતનાં વર્તનથી ચુંટાયેલી પાંખ અને સંગઠન વચ્ચે વૈમનસ્યો જન્મે છે. ઉપરાંત મ્યુ.સભ્યો સાથે શિસ્તપૂર્ણ વર્તણુંક પણ કરવામાં આવતી નથી. આવા જ સંજોગોમાં વોર્ડ નં.૧ નાં મ્યુ. સભ્યશ્રીએ તાજેતરમાં વિકાસનાં કામેની રજૂઆત ન સંભળાતી હોઇ રાજીનામુ આપેલ છે. જે ઘટના ઘણી કષ્ટદાયક લાગે છે.

ઇન્ચાર્જ ચીફ સેનેટરી ઇન્સ્પેક્ટરશ્રીનો વધારાનો કાર્ય બોજ સોંપવામાં આવેલ છે જે અંગે ઘણીવાર તેઓ જણાવે છે કે "હું તો આ હોદ્દો લેવા તૈયાર જ નથી પરંતુ જબરદસ્તીથી મને આ હોદ્દો અપાયેલ છે" જેનાં કાર્યબોજને કારણે સભ્યશ્રી તેનાં વિસ્તારની સફાઇ બાબતે કે જનતાની રજુઆતો લઇને આવે તો તેને આ અધિકારી યોગ્ય ન્યાય આપી શકતા નથી.

વધુમાં પોતાનાં હોદ્દાનો દુરૂપયોગ કરી જાહેર જગ્યાની સફાઇ કોરાણે મુકી ખાનગી જગ્યામાં સફાઇ કરી-કરાવડાવી નગરપાલીકાનાં કર્મચારીઓ અને સાધનોનો દૂરૂપયોગ કરી પોતાની મનમાની દ્વારા રવિવારનાં રજાનાં દિવસે રોડા-માટી ભરાવડાવાની ઘટના પણ સામે આવેલ છે. ઉપરાંત પાલિકાનાં જરૂરી સાધનોની ખરીદ-વેચાણમાં પણ ગોઠવણ કરી કંપનીઓની હરીફાઇમાં પાલિકાને મળતા આર્થિક લાભથી પણ વંચીત રાખેલ છે. જેઓની વર્તણૂંક પણ નુકશાનકારક ગણાય.

જો શ્રી વિકેશભાઇ. એફ. પટેલને આ જ રીતે ઇન્ચાર્જ હોદ્દાઓનો ચાર્જ ચાલુ રખાય તો તે લાંબાગાળા માટે પાલિકાને નુકશાનકારક જણાઇ આવે છે. જેથી જેઓશ્રીને પોતાનાં મૂળ હોદ્દા પર પરત મોકલવા જોઇએ.

નગરપાલિકામાં ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ અને ચીફ સેનેટરી ઇન્સ્પેક્ટરનાં હોદ્દા એ એવા હોદ્દાઓ છે કે જે જનતા અને ચુંટાયેલ પાંખ તેમજ કર્મચારી વર્ગમાં વિશ્વાસ જન્માવી શકે છે. કાઉન્સીલરશ્રીઓ અને કર્મચારીઓ ઉપરાંત વિવિધ સંગઠનો - સંસ્થાઓ વચ્ચે વિશ્વાસ ઉભું કરી વિકાસને યોગ્ય ગતિ આપી શકાય. પરંતુ આવું જો વાતાવરણ ઉભું ન કરી શકાતો હોય તો આવા મોટા હોદ્દાઓ શોભાવવા ખાતર હોદ્દા ધરાવવા જે વિકાસની ગતિને અવરોધક બને છે. જે પ્રવર્તમાન સમયમાં ચલાવી લેવાય નહિં.

ઉપરોક્ત તમામ હકીકતો અને ઘટનાઓની સારાસારનો વિચાર કરતાં જણાય છે કે શ્રી વિકેશભાઇ. એફ. પટેલની પરિસ્થિતિ જોતાં તેમની પાસે તેમના મૂળ હોદ્દા સિવાયનાં વધારાનાં હોદ્દાઓનો કાર્યભાર પરત લઇ અન્ય સક્ષમ કર્મચારીઓને સોંપવા ઠરાવવામાં આવે છે.

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોધ:-

**૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

